Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. આત્મ સં. ૫૧ સંવત ૨૦૦૩.

અંક ૫-૬ ઠ્ઠો. માગશર-પોષ : ડીસેમ્બર-જાન્યુઆરી ૧૯૪૭

આ જાનેવારીથી દર માસની પહેલી તારીખે પ્રગટ થશે.

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ વર્ષાભિનંદન સ્તુતિ ... ... .. | મુનિશ્રી વિનયવિજયજી. | ૮૧ |
| ૨ શ્રી પદ્મપ્રભુ સ્તવન ... ... ... | મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી | ૮૨ |
| ૩ સાચી ઓળખાણ ... ... ... | આચાર્યશ્રી કસ્તૂરસૂરિજી | ૮૩ |
| ૪ ધર્મ-કૌશલ્ય (૧૩-૧૪-૧૫-૧૬)... ... ... | રા. મૌક્તિક | ૮૭ |
| ૫ શ્રી હેમચંદ્રાચાર્યજીની જીવનઝરમર ... ... ... | મુનિરાજશ્રી ન્યાયવિજયજી | ૯૧ |
| ૬ પરિગ્રહ મીમાંસા ... ... ... | મુનિરાજશ્રી ધુરંધરવિજયજી | ૯૫ |
| ૭ શ્રીમાન્ યશોવિજયજી ... ... ... | ડૉ. ભગવાનદાસ મહેતા | ૯૭ |
| ૮ જ્ઞાનગીતા શતક ... ... ... | શ્રી અમરચંદ માવજી શાહ | ૯૯ |
| ૯ સોનેરી વચનામૃતો ... ... ... | મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી | ૧૦૦ |
| ૧૦ વર્તમાન સમાચાર તથા માનપત્રનો મેળાવડો... ... | સભા | ૧૦૩ |
| ૧૧ આ સભાનો સં. ૨૦૦૨ નો વાર્ષિક રિપોર્ટ ... | સભા | |


## ખાસ આભાર.

આ અંકમાં જણાવેલ નિવેદન પ્રમાણે **આત્માનંદ પ્રકાશ માસિકમાં** આવતી ખોટ માટે વગર માગ્યે વગર ફંડ કર્યે તે ખોટની રાહત માટે મદદનાં રૂા. ૫૦) પચાસ **શેઠશ્રી દોલતરામજી જૈનો ગંગાનગર** નિવાસીએ મોકલ્યા છે, જે આભાર સાથે સ્વીકારીએ છીએ અને અમારા સભાસદો તથા ગ્રાહકો જો હવે પછી વગર માગ્યે મોકલતા રહેશે તો આત્માનંદ પ્રકાશની જતી ખોટ માટે તે રકમ વસુલ નહિં કરતાં નવી સારી ( શ્રી કુમારપાળચરિત્ર પૂર્વાચાર્ય કૃત સુંદર ગ્રંથ છપાવી સભાસદો અને ગ્રાહકોને બાર માસની અંદર ભેટ આપીને તે ખોટ માટે આવેલી રકમનો ભેટ માટે ઉપયોગ કરીશું,

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

## આ સભાના સભાસદો અને માસિકના ગ્રાહકોને શ્રી આત્માનંદ પ્રકાશ વગેરે માટે

# અમારૂં નમ્ર નિવેદન.


આ સભાને સ્થાપન થયા ૫૧ વર્ષ થયા છે. તેમજ તેને અંગે **"શ્રી આત્માનંદ પ્રકાશ"** માસિકનું ચુમાલીશમું વર્ષ ચાલે છે. ( ચુમાલીશ વર્ષ થયાં પ્રગટ થાય છે ) દિવસે દિવસે આત્માનંદ પ્રકાશ માસિકનો ખર્ચ વધતો જાય છે. છેલ્લી લડાઈ ( વિગ્રહ ) પહેલાં તેનું લવાજમ સવા રૂપીયો હતો અને સામાન્ય રીતે બાર ચૌદ આના માસિક ( બાર અંકનો ) ખર્ચ થતાં કંઇક નફો પહેલાં રહેતો હતો. હવે લડાઇ શરૂ થતાં સખ્ત મોંઘવારી થવા લાગી, અને અત્યારે લડાઇ બંધ થતાં ( કાગળો, બ્લોક, બાઇડીંગ, છબીયો ) વગેરેના સર્વના ભાવો તે કરતાં પણ વિશેષ વધ્યાં અને છાપકામ માટેનું જોઇએ તેવું તેનું સાધન ( સાહિત્ય ) મળી પણ શકતું નથી જેથી હાલ **"આત્માનંદ પ્રકાશ"** માસિકનો શુમારે ત્રણ રૂપીઆનો એક વર્ષના બાર અંકનો ખર્ચ આવે છે; જેથી

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—



શાહ લક્ષ્મીચંદ દુર્લભદાસ.

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના માનવંતા પેટ્રન

## શાહ લક્ષ્મીચંદ દુર્લભદાસનો જીવનપરિચય

卐

કાઠિયાવાડમાં ભાવનગર શહેર એ જૈનોની વસ્તીથી જાહોજલાલી ભોગવે છે. ધર્મનો ઉત્સાહ સારો છે. ભાવનગરના વતની અને મુંબઇ જેવા પ્રખ્યાત વેપારી સ્થળમાં ભુજબળથી ભાગ્ય અજમાવવા તેમના પિતાશ્રી દુર્લભદાસ મુંબઇ ગયા. અને ત્યાં રેશમી કાપડનો મોટા પાયા પર વિશાળ વ્યાપાર શરુ કર્યો. સાથે સાથે તેઓએ પાયધુની ઉપર આવેલા શ્રી ગોડીજી જિનાલયનાં ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી જૈન કોમની સેવા બજાવી તેમજ મુંબઇ ખાતે ગોઘારી જ્ઞાતિમાં તેઓ અગ્રગણ્ય વહીવટકર્ત્તા હતા અને જેનો આજે હજારો લોકો લાભ લઇ રહ્યા છે તે " ગોઘારી દવાખાના " નાં સ્થાપકોમાંના તેઓ એક હતા. તેઓશ્રી થોડા સમય પહેલાંજ ૭૩ વર્ષની વયે સ્વર્ગવાસ થયા છે.

તેમના પિતાના સેવાભાવનાના સંસ્કારો ભાઇશ્રી લક્ષ્મીચંદમાં ઊતરી આવ્યા છે અને તેઓશ્રી શાહ મણીલાલ દુર્લભજીની પેઢીનો વહીવટ કુશળતાથી ચલાવે છે.

જીવનસંગ્રામના આ વિષમ સમયમાં સીઝાતા સ્વધર્મી બંધુઓ જો હુન્નર ઉદ્યોગનાં પંથે વળે તો સમાજની એક ઉપયોગી આવશ્યકતા પૂરી પાડી શકે તેવા આશયથી તેમનાં સુપુત્રો ભાઈશ્રી લક્ષ્મીચંદ તથા ભાઇશ્રી મણીલાલે પોતાના પિતાનાં શ્રેયાર્થે રૂા. ૧૦૦૦૧) દશ હજાર ને એક રૂપીઆ "શ્રી જૈન ઉદ્યોગ મંદિર"ની સ્થાપના ભાવનગરખાતે કરવા માટે આપ્યા છે.

તેઓમાં સામાજિક અને ધાર્મિક લાગણી સારી છે. તેમજ તેઓશ્રીએ હિંદુસ્તાનનાં વિવિધ તીર્થોની યાત્રા સાથે શ્રી સમેતશિખરજીની યાત્રાનો અપૂર્વ લાભ લીધો છે.

આ સભાની કાર્યવાહીથી આકર્ષાઇ તેમણે આ સભાના પેટ્રન પદનો સ્વીકાર કર્યો છે તે સભા માટે ગૌરવનો વિષય છે. તેઓ દિનપ્રતિદિન સેવાના કાર્યોમાં વધારે રસ ધરાવે અને તેમના હસ્તે અનેક શુભ કાર્યો થાય એવી ભાવના સાથે પરમાત્મા તેમને દીર્ઘાયુષ્ય બક્ષે તેવું આ સભા ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. માર્ગશીર્ષ—પોષ. પુસ્તક ૪૪ મું.
વિક્રમ સં. ૨૦૦૩. :: ઇ. સ. ૧૯૪૬ ડીસેમ્બર—જાન્યુઆરી ૧૯૪૭ :: અંક ૫-૬ ઠો.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી
મહારાજ સાહેબને ૭૭ મી જન્મ જયંતિના સ્મરણરૂપ

## વર્ષાભિનંદન સ્તુતિ

દોહરો

સંવત ભૂજ સહસ્ર ત્રણ (૨૦૦૩), મંગલ નવલ પ્રભાત;
કુમકુમવર્ણી ખીલતી, પ્રભા ભાનુ ઉદ્યોત×

મંદાક્રાંતા

ખીલે ભાનુ નવલ વર્ષે, શાન્તિ સામ્રાજ્ય સ્થાપે;
ફૂલેફાલે કુસુમ કળિયો, દિવ્ય સુગંધ આપે;
કોકિલાના મધુર ટહુકે, ગુંજતી આમ્ર વાડી;
આશ્રિતોને શિતલ બનવે, ઉષ્ણતાને નસાડી.

અનુષ્ટુપ

શાન્તિ ને સુરભિ નિત્યે, ગૌરવે ગૂંજતા રહે
નિવારી દુઃખ દુઃખીના, આશિષો દિલની લહો.

દોહરો

વર્ષાભિનંદન સુભગ, સ્વીકારો ધરી સ્નેહ;
વિનમ્ર ઈંદ્ર તો વિનવે, વરસો અમીરસ મેહ.

રચયિતા

**મુનિશ્રી વિનયવિજયજી—પાલીતાણા.**

×ઉદ્યોત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પદ્મપ્રભુ સ્તવન

( જાઓ જાઓ અય મેરે સાધુ...એ રાગ )

પ્રેમે ગાઓ સૌ ભવિજન ! હોંશે પદ્મપ્રભુ ભગવાન-ટેક
અલખ નિરંજન, ભવભીડભંજન, દિવ્ય રૂપ, સુખકાર,
પરમાત્મા ભવતારક પ્રભુજી, સઘળે જય જયકાર—પ્રેમે ૧
ત્રણ જ્ઞાનેથી યુક્ત જિનેશ્વર, ચવ્યા સ્વર્ગથી આપ,
મહા વદી છઠકેરા દિને, ટાળ્યા જગના તાપ—પ્રેમે ૨
માત સુસીમા કૂખથી જનમ્યા, શ્રીધર તાત પવિત્ર,
કૌસંબી નગરે પુરજન સૌ, ગાયે દિવ્ય ચરિત્ર—પ્રેમે ૩
કાર્તિક વદ બારસ દિન રૂડો, જન્મ મહોત્સવ થાય,
હર્ષ છવાયો ભૂમંડળમાં, ભવિજન ઉર ઉભરાય—પ્રેમ ૪
અભિષેક ઉત્સવ દેવેન્દ્રો, મેરુશિખરે ઉજવે,
સુર નર કિન્નર નિજ નિજ સ્થાને, પ્રભુગુણ ગાનો ગજવે—પ્રેમે ૫
રકત કમળ સમ રંગે સુંદર, પ્રભુની કાયા શોભે,
અમૃતમય વાણી અતિ મીઠી, માનવચિત્ત પ્રલોભે—પ્રેમે ૬
વર્ષીદાનો દીધાં પ્રભુએ, દીક્ષા ઉત્સવ થાયે,
મહોત્સવે સુર નર કિન્નર તો, કોઈ સ્થળે ન સમાયે !—પ્રેમે ૭
ષડ્ઋતુઓ સમકાળે ખીલી, વૃક્ષો પ્રણમે ચરણે,
વેલડીઓ સૌ પુષ્પ સમર્પે, જાયે સૌ પ્રભુ શરણે—પ્રેમે ૮
માલતી, ચંપો, કુંદ પુષ્પથી, પ્રભુને સર્વ વધાવે,
સમવસરણ, દેવો સૌ રચતા, દેશના પ્રભુજી ગજાવે—પ્રેમે ૯
નય, ગમ, ભંગની રચનાવાળી, વાણી સુખ કરનારી,
જન્મ જન્મનાં પાપો ટાળે, સુણતાં સુર નરનારી—પ્રેમે ૧૦
ચૈત્રીપુનમ દિન કેવળ પામ્યા, ચોત્રીસ અતિશયવંત,
માર્ગશીર્ષ વદ એકાદશીએ, મોક્ષે ગયા ભગવંત—પ્રેમે ૧૧
દ્રવ્ય, ભાવ, દર્શનથી આત્મા, નિર્મળતાને ધારે,
શિવસુખદાતા જિનવર ભવિને, ભવસાગરથી તારે—પ્રેમે ૧૨
કલ્પવૃક્ષ સમ જિનચરણો એ, **અજિતપદ**ના દાતા,
મુનિ **હેમેન્દ્ર** નમે ભાવેથી, **પદ્મપ્રભુ** ભવત્રાતા—પ્રેમે ૧૩

રચયિતા:—

**મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'સાચી ઓળખાણ'

લે૦—આચાર્યશ્રી કસ્તૂરસૂરિજી.

માનવી જ્યાં સુધી અણુજાણુ હોય છે ત્યાં સુધી તેને ઓળખાણુની જરૂરત રહે છે, ઓળખાણુ સિવાય સંસારનો વ્યવહાર ચાલી શકતો નથી. જીવ માનવ દેહે અવતર્યા પછી તરત જ સંકુચિત સંસ્કારની અવસ્થામાં પણુ દૃશ્ય જગતને ઓળખવા મથે છે પણુ અવિકસિત બુદ્ધિને લઈને ઓળખી શકતો નથી. તે જ્યારે વરસેકનો થાય છે ત્યારે માતાપિતા આદિ સ્વજન વર્ગ સચેતન તથા અચેતન વસ્તુની ઓળખાણુ કરાવે છે. વસ્તુ દેખાડી તેનું નામ વારંવાર સંભળાવે છે એટલે બાળક તે નામવાળી વસ્તુને ઓળખતું થાય છે. પછી કોઈપણુ વખતે તે નામ સાંભળવા માત્રથી તે વસ્તુને ઓળખી શકે છે, અથવા તો તે વસ્તુ જુએ છે કે તરત જ તેનું નામ ઉચ્ચારણુ કરી તે જાણુપણું બતાવે છે. જેમ જેમ વય વધતી જાય છે તેમ તેમ બુદ્ધિ તથા સંસ્કારનો વિકાસ થતો જાય છે અને અનેક માણુસોના સહવાસમાં આવવાથી તેમજ અનેક સ્થળોમાં ફરવાથી પોતાની બુદ્ધિના પ્રમાણુમાં પોતાની મેળે અથવા તો માણુસો દ્વારા અનેક વસ્તુઓને ઓળખતો થાય છે. પોતાના જીવનવ્યવસાયના ક્ષેત્રના સંબંધમાં આવતી તથા વપરાતી વસ્તુઓને સારી રીતે ઓળખી શકે છે. અર્થાત્ પોતાના ધંધાના અંગે સહવાસમાં આવતા માણુસોને, કરવામાં આવતી પ્રવૃત્તિઓને અને વ્યાપારને લગતી વસ્તુઓને સારી રીતે ઓળખે છે. જીવનમાં નિરુપયોગી અને સ્વપ્નમાં પણુ ન મળનારી વસ્તુઓને પણુ તે વસ્તુઓના જાણુ દ્વારા ઓળખે છે અને હું પણુ અમુક વસ્તુઓનો જાણુ છું એવું મિથ્યાભિમાન ધારણુ કરે છે.

અનેક પ્રકારના સ્વાર્થને લક્ષમાં રાખીને માણુસો એક બીજાની સાથે ઓળખાણુ કરવાને હંમેશા આતુર રહે છે; કારણુ કે તેઓ ઓળખાણુને એક પ્રકારની ખાણુ માને છે. ધન, રૂપ, બળ અને સત્તાથી સમૃદ્ધ માણુસોની ઓળખાણુ ઘણી જ મહત્વની ગણુાય છે, છતાં ધનવાનની ઓળખાણુને પ્રધાનતા આપવામાં આવે છે. ત્યાગી હોય કે ભોગી હોય, બધાયને બીજી ઓળખાણુ ન હોય તો ચાલે પણુ ધનવાનની ઓળખાણુ વગર તો જીવન નિરસ ગણે છે, કારણુ કે વૈષયિક કામનાઓ ધનવાન વગર સફળ થતી નથી, માટે ધન વગરનાને ધનવાનની ખુશામત કરીને પણુ તેની ઓળખાણુ કરવી પડે છે અને અનેક પ્રકારની તાબેદારી ઉઠાવીને તેને ટકાવી રાખવી પડે છે. ધનસમૃદ્ધ માણુસો ધનવાનની ઓળખાણુની ઓછી પરવા રાખે છે, કારણુ કે તેમની પાસે ધન હોવાથી ધાર્યા પ્રમાણે કામના સફળ કરી શકે છે. વાસનાપૂર્ણ ધનહીન ભોગી હોય છે તેમ કહેવાતા ત્યાગી પણુ હોય છે. ત્યાગીમાં પણુ કળાવાન આવડતવાળા ત્યાગી કાવાદાવાની કુશળતાથી જાડી બુદ્ધિના ધનવાનને વશ કરીને તેમના ધન તથા વૈષયિક વસ્તુઓથી વાસના પોષીને પોતાને કૃતકૃત્ય માને છે, ત્યારે આવડત વગરના ખુશામત કરીને પણુ ધનવાનની ઓળખાણુથી પોતાની ઇચ્છા પૂર્ણ કરે છે. ધનહીન ભોગી પણુ ખુશામતથી અથવા તો કોઇપણુ પ્રકારની કળાથી ધનવાનની ઓળખાણુદ્વારા જીવનનિર્વાહના સાધનો મેળવે છે તેમજ વૈષયિક ઇચ્છાઓ પૂર્ણ કરે છે. ધનવાનની ઓળખાણુની જેમ રૂપ, બળ તથા સત્તા સમૃદ્ધની ઓળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાણો પણ ક્ષુદ્ર સ્વાર્થ સાધવાને માણુસો કરે છે.

સકર્મક સંસારી જીવોને વૈષયિક સંસ્કારો અનાદિ કાળથી હોય છે. નિગોદની અવસ્થામાં પણ તિરોભાવે રહેલા હોય છે તેનો ઇંદ્રિયો તથા મનની સામગ્રી મળવાથી આવિર્ભાવ થાય છે. આહાર તથા વિષયોને માટે જોઇતી પૌદ્ગલિક વસ્તુઓની ઓળખાણ જીવને દરેક જીવનમાં કરાવવી પડતી નથી, પૂર્વના સંસ્કારોને લઇને પોતાની મેળે જ કરી લે છે, ફક્ત સાધારણ નિમિત્તની જરૂરત પડે છે. વૈષયિક પ્રવૃત્તિ જોઇને કે સાંભળીને જીવની વિષયવાસનાઓ જાગૃત થઈ જાય છે. વિષયાસક્ત બનવા ઉપદેશની કે અભ્યાસ કરવાની જરૂરત રહેતી નથી, તોયે વિષયને વધારે રસવાળો બનાવી આનંદ તથા સુખ વધારનાર પૌદ્ગલિક વસ્તુઓને ઓળખવાને નિરંતર કામાસક્ત વિષયના અનુભવી માણુસોના સહવાસમાં રહીને અજ્ઞાત વૈષયિક વસ્તુઓને ઓળખે છે અને તેને મેળવવાને જોઇતાં સાધનો માટે કાળજીપૂર્વક પરિશ્રમ કરે છે.

માનવી માત્ર સ્વાર્થ પૂરતી ઓળખાણ કરવાને વધારે કાળજી રાખે છે. જે વસ્તુથી અથવા માણુસથી પોતાનો કાંઇપણ સ્વાર્થ ન સધાતો હોય તેની ઉપેક્ષા કરે છે, સાધારણ જાણવા પૂરતું જ તે તરફ લક્ષ આપે છે. તોયે સંસારમાં પ્રધાન ગણાતી વિશિષ્ટ વ્યક્તિઓ તથા વિશિષ્ટ વસ્તુઓની ઓળખાણ કરવામાં કેટલાક માનવીઓ પોતાની મહત્તા સમજે છે. એટલે આવી ઓળખાણ કરવા જીવન તથા ધનનો વ્યય કરવામાં પણ સંકોચ રાખતા નથી. અને ઓળખાણ કરીને ઘણો જ સંતોષ માને છે. વિશિષ્ટ વસ્તુઓની ઓળખાણ કરીને જનતા પાસેથી બુદ્ધિશાળી તથા વિદ્વત્તાનું માન મેળવે છે, અને વિશિષ્ટ ગણાતી વ્યક્તિઓની ઓળખાણથી જીવનની સફળતા સમજે છે. ધનથી અથવા તો કોઇપણ પ્રકારના સન્માનથી જગતમાં મોટા ગણાતાની અંદર પ્રાયઃ ગર્વની ગરમી રહે છે એટલે તેમનામાં સુધરેલી ઢબની નમ્રતા તથા સભ્યતા હોય છે તેથી તેઓ સાધારણ માણુસોની ઓળખાણ રાખતાં સંકોચાય છે, છતાં તદ્દન સુધરેલી ઢબની વિશિષ્ટ વ્યક્તિઓ સાધારણ અને ગરીબમાં ગરીબની પણ ઘણા જ ચાહથી નિઃસંકોચપણે ઓળખાણ રાખવામાં પોતાની મહત્તા સમજે છે, પણ તે સર્વ સાધારણ સેવાના રૂપમાં હોવાથી તેવી ઓળખાણ જનતાનું માન પ્રાપ્ત કરાવી શકતી નથી એટલે આવી ઓળખાણથી માનવીને સંતોષ થતો નથી, કારણ કે સેવા નિમિત્તે ઓળખાણ રાખનારાઓનો આશય પ્રાયઃ જનતામાં બહુમાન તથા પ્રસિદ્ધિનો હોવાથી માનગર્ભિત લાગણી સિવાયની ઓળખાણ હોય છે અને તેમાં દયાની પ્રધાનતા હોય છે એટલે આવી ઓળખાણથી જનતામાં મહત્તા મળી શકતી નથી, તેથી સંતોષ પણ મળતો નથી.

જાણવામાં અને ઓળખવામાં કાંઇક તફાવત રહે છે. ઉપયોગી તથા નિરુપયોગી પ્રસંગો, વસ્તુઓ તથા વ્યક્તિઓને સામાન્યપણે જાણવું તે જાણવું કહેવાય છે. જાણવામાં વધારે ઊંડા ઊતરવાનું હોતું નથી તેમજ જાણેલાની મન ઉપર રાગ-દ્વેષ સંબંધી કાંઇપણ અસર થતી નથી. જાણેલાનું સ્મરણ ઓછું થતું જાય છે અને કાળાંતરે સ્મરણમાંથી ભુંસાઈ જાય છે. ત્યારે ઓળખવામાં કાંઇક વિશિષ્ટતા રહેલી હોય છે. જો કે ઓળખવું પણ જાણવાને જ કહેવામાં આવે છે; ફરક માત્ર એટલો જ છે કે ગમે તેવા પ્રસંગને, વસ્તુને કે વ્યક્તિને લક્ષપૂર્વક જાણવી, ઊંડા ઊતરીને તેના રહસ્યને, ગુણ-ધર્મને સાચી રીતે સમજી લેવું અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનાથી મન ઉપર રાગ અથવા તો દ્વેષની અસર થવી તે ઓળખવું કહેવાય છે. સામાન્ય જાણુવામાં ઉપેક્ષા થાય છે, પણ વિશેષ જાણુવા રૂપ ઓળખવામાં પ્રાય: ઉપેક્ષા હોતી નથી. એટલા માટે જ ઓળખાણુની વિસ્મૃતિ નથા અને તે જીવન પર્યંત પણુ રહેવાવાળી હોય છે. ઓળખાણુથી જીવન ઉપયોગી સાધન અલ્પ પ્રયાસે મેળવી શકાય છે; લાગણી અને સ્નેહ જન્મે છે તથા પ્રીતિ અને મૈત્રી વધે છે. કેવળ જાણુવા માત્રમાં આવી વિશિષ્ટતા હોતી નથી. જાણેલું ભૂલાય છે પણુ ઓળખેલું ભૂલાતું નથી. જાણુવાને ઘણી વખત અનિચ્છા દેખાડવામાં આવે છે; પણુ ઓળખાણુ માટે તો ઉત્સુકતા અને રુચિ જણાવાય છે. સ્વાર્થ સાધવા માટે તો ઓળખાણુને અત્યંત આવકાર અપાય છે, અને જનતામાં ખાસ કરીને માણુસની ઓળખાણુ તો અત્યંત ઉપયોગી મનાય છે.

આ પ્રમાણે મોહની શિખવણીથી દેહાધ્યાસી માનવી સ્વાર્થ માટે એટલે કે જીવનનિર્વાહના સાધન મેળવવાને અથવા તો વૈષયિક તૃષ્ણા શાંત કરવાને સચેતન તથા અચેતન વસ્તુઓની ઓળખાણુ કરે છે. આખોય સંસાર ચર્મચક્ષુની ઓળખાણુના પ્રવાહમાં તણાઈ રહ્યો છે, વૈષયિક વાસનાના દૃઢ સંસ્કારને લઇને કેવળ વાસનાપોષક જ વસ્તુઓને ઓળખવા પ્રયાસ કરી રહ્યો છે. જે ઓળખાણુ વાસના શાંત કરવા પૂરતી કરવામાં આવે છે, તે વાસનાની ક્ષણિક શાંતિ થયા પછી ભૂંસાઇ જાય છે, કારણુ કે જગત પરિવર્તનશીલ છે. જે ક્ષુદ્ર વાસના પોષવાને જેની ઓળખાણુ કરવામાં આવી હોય તેમાં પરિવર્તન થવાથી તે વાસના પોષવામાં અસમર્થ થઈ જાય છે એટલે માનવી તેની ઓળખાણુ રાખતો નથી જેમકે-ધનની વાસનાથી ધનવાનની ઓળખાણુ કરવામાં આવે છે અને તેના ધનથી પોતાની વાસનાઓ પોષે છે; પણુ તે ધનવાન ધનહીન થઇ જાય તો પછી તેની ઓળખાણુ કોઇ પણુ રાખતું નથી. કદાચ તે ધનહીન દશામાં ઓળખાણુના અંગે કોઇપણુ પ્રકારની સહાયતા માંગે તો જાણે તેને ઓળખતા જ ન હોય તેમ તેની સાથે વર્તવા તૈયાર થઇ જાય છે. કોઈનું સુંદર રૂપ તથા આકૃતિનો ઉપયોગ કરવાને ઓળખાણુ કરાય છે અને ઇચ્છા પ્રમાણે વર્તાય છે, પણુ જ્યારે રૂપ તથા આકૃતમાં પરિવર્તન થવાથી અણુગમતાં થાય છે ત્યારે ઉપેક્ષા કરાય છે, આવી જ રીતે તાત્વિક વસ્તુથી અજ્ઞાત જગત વૈષયિક વૃત્તિપોષક ઓળખાણુને લઇને સંસારચક્રમાં ભ્રમણુ કરી રહ્યું છે તે અંતર્દૃષ્ટિથી વસ્તુને ઓળખ્યા સિવાય સુખ-શાંતિની દરિદ્રતા દૂર કરી શકશે નહિં.

જ્ઞાન-ચક્ષુહીન અજ્ઞાની જીવો ક્ષણિક માટે જ કૃત્રિમ વસ્તુઓને ઓળખતા આવ્યા છે, અને તેથી પોતાની સર્વ સિદ્ધિ માની બેઠા છે એટલે જ સાચી વસ્તુ મેળવી શકયા નથી. અને આત્માને શાશ્વતી સુખસંપત્તિવાળો બનાવી શકયા નથી. માનવીને પ્રથમ તો પોતાની જ ઓળખાણુ નથી. જે પોતાને સાચી રીતે ઓળખે છે તે જગતને સાચી રીતે ઓળખે છે અને જે જગતને સાચી રીતે ઓળખે છે તે જ પોતાને સાચી રીતે ઓળખી શકે છે; માટે જ સમ્યગ્જ્ઞાની સત્પુરુષો સ્વ-પરના આત્માનો વિકાસ કરી શાશ્વત સુખ-શાંતિ તથા આનંદના ઉત્પાદક હોય છે. વીતરાગ, સર્વજ્ઞ દેવના સિદ્ધાંતોની દિશામાં નિરંતર ગમન કર્યા વગર પોતાને તથા જગતને સારી રીતે ઓળખી શકાય નહીં. ક્ષણિક જગતની વૈભાવિક વસ્તુને પ્રધાનતા આપી પ્રકૃતિ સ્વરૂપ સાચી સ્વાભાવિક વસ્તુને ઓળખી આદર ન કરનાર વીતરાગના સિદ્ધાંતનો દિશાથી વિમુખ હોય છે માટે તેવાની વાચાળતાથી કોઈ પણુ આત્માનું હિત થઇ શકતું નથી. પાંચે ઇંદ્રિયોના વિષયમાં આસક્ત રહીને આડકતરી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયોને પોષીને સંતોષ તથા સુખ અનુભવનાર સુખ–શાંતિ આનંદસ્વરૂપ અમર આત્માને ઓળખી શકયા નથી. મનુષ્ય દેહ તથા મનુષ્ય જીવન સકર્મક આત્માનો વિભાવ પર્યાય છે અને તે દેહ તથા જીવન બંને કર્મસ્વરૂપ હોવાથી જડાત્મક છે માટે તે ક્ષણુવિનશ્વર વસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે. અર્થાત્ ક્ષણિક વસ્તુઓના સંબંધથી ઉત્પત્તિ વિનાશવાળો છે, છતાં દેહાધ્યાસીપણે સતસ્વરૂપ આત્માને સાચી રીતે ન ઓળખીને દેહને જ પ્રધાનતા આપવી અને કૃત્રિમ નામ, સુખ–આનંદ તથા શાંતિ આદિના માટે કષાય તથા વિષયનો આશ્રય લેવો તે વસ્તુસ્થિતિનું અણજાણપણું સૂચવે છે, માટે જ તે વીતરાગના સિદ્ધાંત પ્રમાણે પોતાને સાચી રીતે ઓળખી શકયો નથી. જે વસ્તુ ત્રણે કાળમાં વિદ્યમાન રહે તે સત્–સાચી કહેવાય છે, અને જે પ્રત્યેક ક્ષણે બદલાય છે તે તાત્વિક દૃષ્ટિથી સાચી ન કહેવાય. જે સાચી વસ્તુ છે તે ઉત્પન્ન થતી નથી માટે તે વિનાશ પણ પામતી નથી. જે સુખ–શાંતિ, આનંદ, જીવન આદિ ઉત્પન્ન થતાં નથી તે વિનાશ પણ પામતાં નથી, માટે તે જ સાચાં છે અને તે જ આત્મસ્વરૂપ છે. જે ઉત્પત્તિ વિનાશવાળું છે અને જેની ઉત્પત્તિ વિનાશમાં વિજાતીય દ્રવ્યની અપેક્ષા રહે છે તે સત–સાચું નથી. અર્થાત આત્મસ્વરૂપ સુખાદિ સાચાં છે અને પૌદ્ગલિક વસ્તુઓથી ઉત્પન્ન થવાવાળાં બનાવટી છે; કારણ કે તે જડ વસ્તુઓના સંયોગથી ઉત્પન્ન થાય છે અને વિયોગથી વિનાશ પામે છે. અથવા તો સંયોગ દેખાવા છતાં પણ જડાત્મક વસ્તુઓમાં પ્રત્યેક ક્ષણે પરિવર્તન થવાથી સુખાદિમાં હ્રાસ થતો જણાય છે અને છેવટે નષ્ટ થાય છે માટે તે અસત્ છે.

સચેતન તથા અચેતન વસ્તુઓને સર્વજ્ઞદેવે જેવી રીતે ઓળખાવી છે તેવી જ રીતે ઓળખાણ થાય નહિં ત્યાં સુધી સાચી ઓળખાણ કહેવાય નહિં. અને તે સાચી ઓળખાણ મોહના ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય સિવાય થઇ શકતી નથી. મોહની ઓળખાવેલી બધી વસ્તુ જૂઠી છે, માટે મોહનો દાસ વિષયાસક્ત માનવી સાચું ઓળખી શકે નહિં તેમજ ઓળખાવી પણ શકે નહિં. સારી રીતે જાણી શકે, જણાવી શકે ખરો પણ સાચી ઓળખાણના અભાવે સાચું ફળ મેળવી શકે નહિં. અનેક પ્રકારના દેહ ધારણ કરવારૂપ વિભાવ પર્યાયોમાં મોહની પ્રબળ સત્તા હોવાથી તે વિભાવ પર્યાયોને આત્મા પોતાના સ્વરૂપે ઓળખે છે જેથી દેહનાં કૃત્રિમ નામની પ્રસિદ્ધિ માટે કષાયનો આશ્રય લે છે, અને દેહની સુખ–શાંતિ માટે જડ ધર્મ સ્વરૂપ વિષયોમાં આસક્ત રહે છે. આત્માને ( પોતાને ) સાચી રીતે ઓળખ્યા સિવાય કેવળ ઇંદ્રિયોની કરવામાં આવતી ઓળખાણથી આત્માની શક્તિ તથા સ્વરૂપનો હ્રાસ થાય છે. એટલે જ્ઞાનશક્તિથી નિર્બળ થયેલો આત્મા વસ્તુ માત્રને અવળી જાણે છે અને અસતને પ્રધાનતા આપે છે. વીતરાગ દેવે સત વસ્તુને પ્રધાનતા આપી છે માટે જે સત્ છે તે જ સત્ય છે, જે ક્ષણિક વસ્તુઓ દૃષ્ટિગોચર થાય છે તે સતનું પરિણામ છે પણ અસ્થિર છે માટે ખોટી છે. જ્ઞાન–દર્શન–જીવન–સુખ–આનંદ આદિ સત્ છે અને તે આત્માના ધર્મ છે માટે તે ક્ષણિક નથી કારણ કે તે ઉત્પત્તિ–વિનાશવાળા નથી પણ પરિણમન સ્વભાવવાળા છે છતાં શાશ્વતા છે–નિત્ય છે માટે જ તે સત છે અને તે જ આત્મા છે. તે સિવાય પૌદ્ગલિક વસ્તુઓ પ્રત્યેક ક્ષણે પુરાય છે અને ગળે છે માટે ક્ષણિક છે તેથી તે અસત્ છે–અનિત્ય છે; માટે સતનો સત્પણે સ્વીકાર અને અસત્નો અસત્પણે બહિષ્કાર કરનાર આત્મા સ્વરૂપનો સંપૂર્ણ વિકાસ સાધી અમર પદ પ્રાપ્ત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય

( ૧૩ )

**ક્ષમા**–Forbearance

**અશક્ત માણસનું બળ ક્ષમા છે. શકિતશાળી માણસનું ભૂષણ ક્ષમા છે. ક્ષમા લોકમાં વશીકરણ છે. ક્ષમાથી શું સાધી શકાતું નથી ?**

સજ્જનપણાનું, ગૃહસ્થાઈનું **બીજું લક્ષણ** ક્ષમા છે. એટલે કે જે પ્રાણીને પોતાની ગણના ગૃહસ્થમાં કરાવવી હોય અથવા જેની ભાવના કે જેનો આદર્શ ગૃહસ્થ (gentleman) થવાનો કે રહેવાનો હોય તેણે ક્ષમા રાખી જીવનનો આખો ઝોક ઘડવો જોઇએ. જે માણસ જરા પોતાની ઇચ્છા વિરુદ્ધ કોઇ વર્તન કરે, કોઈ જરા પોતાનાં અવર્ણવાદ બોલે, જરા ઘસાતું બોલે, જરા વેપારમાં નુકશાન કરે કે તેના ઉપર ગુસ્સે થઇ જાય તે માણસ ફાવે નહિ, તે માણસમાં ચારિત્ર રમણ કરે નહિ, તે માણસ પ્રગતિ માર્ગમાં આગળ પગલાં ભરી શકે નહિ, તેનું પ્રયાણ સાધ્યને માર્ગે આગળ ધપે નહિ.

માનસવિદ્યાની નજરે જોઇએ તો **ક્ષમા** મન ઉપર ભારે અંકુશ બતાવે છે, મનોવિકાર પર વિજય સૂચવે છે અને અશકતને પણ બળ આપે છે. એક વાત ખૂબ ચોવટથી સમજવા જેવી છે. **નબળા કાચાપોચા માણસો ક્ષમાવાન હોતા નથી,** થઇ શકતા નથી અને ઢોંગ કર્યે ક્ષમા પોતાને વરી શકતી નથી. અશકિતમાન સાધુપણાના સ્વાંગ ધારી લે તો થોડા વખતમાં એ અણીને ટાંકણે પોતાના મૂળ સ્વરૂપમાં પ્રકટ થયા વગર રહી શકતો નથી. ખરો **સશક્ત** માણસ હોય તે જ ગમે તેવા સાદા કે આકરા પ્રસંગમાં પોતાના મન પર કાબૂ રાખી શકે છે અને એ વાતની ટેવ પડયા પછી તો ગમે તેવા ઉત્તેજક પ્રસંગો આવે ત્યારે પણ એ પોતાની જાત પર અંકુશ મૂકી શકે છે. **ગજસુકુમાળ**ના માથા પર ખેરના અંગારા એનો સગો સાસરો મૂકે ત્યારે પણ ક્ષમા રાખે તે તો અતિ ઉચ્ચ કક્ષાનો દાખલો ગણાય, પણ દરરોજના પ્રસંગોમાં સામો ધમધમાટ કરતો આવે ત્યારે મગજનો કાબૂ ન ગુમાવનાર તો ઘણા જોઇએ છીએ અને તેમાં એની નિર્બળતા કે અશકિત ગણાતા નથી. એની શકિત સામા પર અને જોનાર પર જરૂર છાપ પાડે છે અને તેટલા માટે ક્ષમાને **બહાદુર માણસનું ભૂષણ** ગણવામાં આવી **છે.**

સામો ઘા કરે, તમે ગુસ્સે ન થાઓ, સામાનો ઘા ખાલી જાય અને તમે મ્હોં બગાડવા કે દાંતિયાં કાઢવાને બદલે હસી પડો કે ઉપેક્ષા કરો ત્યારે તેની અસર સામા ઉપર વશીકરણ જેવી થાય છે અને તે જો જરા પણ વિચારક કે કુશળ માણસ હોય તો તમને નમી પડે છે, તમારાં ચરણને ભેટી પડે અને તમારો અને એનો સંબંધ જીવતો થઇ જાય છે, જામી જાય છે, તમારા જીવનનો ભાગ બની જાય છે; માટે આવા વશીકરણને યાદ રાખજો, એને પોતાનું બનાવજો, એનાથી રાચજો અને એના પડખાં સેવવામાં તમારો અહીં અને સર્વત્ર વિજય છે, તમને એમાં અખૂટ આનંદ છે અને તમારી સાચી શકિતનાં એમાં મૂલ્ય છે એમ સમજજો. ક્ષમાથી સંબંધ મળે છે, ક્ષમાથી ગયેલ સંપત્તિ મળે છે, ક્ષમાથી ચારિત્રનું સામ્રાજ્ય મળે છે અને ક્ષમાથી સર્વ મળે છે; માટે એ મહાદેવીને પોતાની બનાવશો તો સિદ્ધિ લક્ષ્મી ઘેર ચાલી આવશે.

---

**क्षमा बलमशक्तानां, शक्तानां भूषणं क्षमा। क्षमा वशीकृतिर्लोके, क्षमया किं न सिद्ध्यति ॥ સુભાષિત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૪ )

## ક્રોધ–Anger

**અનર્થોનું મૂળ ક્રોધ છે; સંસારમાં બંધન કરાવનાર ક્રોધ છે; ધર્મને ક્ષય કરનાર ક્રોધ છે. તેટલા માટે ક્રોધનો ત્યાગ કરવો.**

સંસારનું મૂળ કષાયો છે. ક્રોધ, માન, માયા અને લોભ એ એનાં નામો છે. એમાં તરતમતા ઓછી વધતી હોય છે, પણ એ ચારેની જડ જ ઘણી આકરી હોય છે. એને ઓળખવાની બહુ જરૂર છે, કારણ કે કષાયથી મુક્તિ મેળવવી એ સાચી મુક્તિ છે. બાહ્ય સૃષ્ટિમાં ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ થાય અને આંતરસૃષ્ટિમાં કષાય–મનોવિકારો પર વિજય થાય તો વસ્તુતઃ મુક્તિ જ છે, એટલે સંસાર વૃક્ષનું મૂળ કષાય છે; એમ વારંવાર કહેવામાં આવ્યું છે. ક્રોધ અને લોભ ઉઘાડા દોષો છે અને પરીક્ષા કરતાં પકડી પાડી શકાય તેવા છે.

ઉપદેશતરંગિણીમાં તેના ગ્રંથકારે બરાબર કહ્યું છે કે ' શ્વેતાંબરપણામાં કે દિગંબરપણામાં, તત્ત્વવાદમાં કે તર્કવાદમાં અથવા તો એક પક્ષ-( ગચ્છ–સંઘાડો )નો આશ્રય લેવામાં મુક્તિ નથી, કષાયથી મુક્તિ એ જ ખરી મુક્તિ છે. ' એટલે ગચ્છના પાસામાં કે તર્કજાળમાં કે મોટી મોટી તત્ત્વની વાતો કરવામાં કોઈ છૂટકારો માનતો હોય તો તેમાં તેની ભૂલ થાય છે. કષાયને ઓળખી તેના પર વિજય કરવામાં સંસારનો અંત છે. ' કષ ' એટલે સંસારનો તેમાં ' આયઃ ' એટલે લાભ થાય છે. આ ચાર કષાયો પૈકી ક્રોધને ઓળખવો એ એક જરૂરી બાબત છે.

આંખ લાલ થવી, જાત પરનો કાબૂ ખોઈ દેવો, એલફેલ બોલવું, ગમે તેને મારવા મંડી જવું, પોતાની જાતને પથ્થર સાથે અફળાવવી એ ક્રોધના વ્યક્ત **સ્વરૂપો** છે. રીસ કરવી, અબોલાં લેવાં, ઉગ્ર સ્વરૂપ ધારણ કરવું કે બકબકાટ કરવો એ એના **આવિર્ભાવો** છે.

આવી જાતના ક્રોધથી પોતાની જાત પર અંકુશ ચાલ્યો જાય છે, વિવેકને તિલાંજલિ મળે છે, યદ્વાતદ્વા વચન અને વર્તન થઈ જાય છે અને સંયમનો નાશ થઈ જાય છે અને સંયમ ગયો એટલે ધર્મનું એક આખું મુખ્ય અંગ નાશ પામી ગયું. અહિંસા, સંયમ અને તપ પર ધર્મની રચના છે, તેમાં ક્રોધને અને સંયમને વિરોધ છે અને પરિણામે અહિંસાનો પણ નાશ થઈ જાય છે. તપ કરનાર ક્રોધ કરે તો અજીર્ણ થઈ જાય છે અને ધર્મશરીર માંદું પડી જાય છે. એટલે સંસારના બંધનને પાકું કરાવનાર ક્રોધ છે અને આખા ધર્મનો જ જે ક્ષય કરી નાખે તે પછી કાંઈ રાખી શકતો નથી. ક્રોધી રાજાઓ પતિત થઈ જાય છે, ક્રોધી મુત્સદ્દી ન કરવાનું કરી બેસે છે, ક્રોધી સેવક સેવાભાવ વિસારી આળપંપાળમાં પડી જાય છે અને ક્રોધી માણસને ઘરનાં સગાંસ્નેહી કે મિત્રો સાથે ચાલુ કલેશ થાય છે. તેટલા માટે ધર્મરત્નને મેળવવાની ઇચ્છાવાળાએ પોતાના સ્વભાવ પર કાબૂ પ્રાપ્ત કરવો ઘટે અને ક્રોધનો સર્વથા ત્યાગ કરી ક્ષમાગુણ વિકસાવવો ઘટે. એ રીતે સજ્જન–ગૃહસ્થ થઈ શકાય.

---

**क्रोधो मूलमनर्थानां, क्रोधः संसारबन्धनम् । धर्मक्षयकरः क्रोधस्तस्मात्क्रोधं विवर्जयेत् ॥**

**સુભાષિત**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૫ )

**Analysis of Anger–ગુસ્સાનું પૃથક્કરણ**

**કોઇપણ માણસ ગુસ્સે થઇ શકે છે એ સહેલી વાત છે. પણ તદ્યોગ્ય માણસ પર ગુસ્સે થવું, ગુસ્સે થવામાં પારો કેટલો ચડાવવો, કયા વખતે ગુસ્સે થવું, ખરા કારણ–પ્રસંગે થવું અને બરાબર રીતે ગુસ્સે થવું, એ એટલી સહેલી વાત નથી.**

ગુસ્સે થવું એ તો બહુ સહેલી વાત છે. જેના ખ્યાલમાં ક્રોધનું સ્વરૂપ ન આવ્યું હોય, જે ક્રોધને બોધના અટકાવનાર તરીકે કે સંયમના ઘાતક તરીકે ન ઓળખતા હોય તે જરા ઉત્તેજક પ્રસંગ મળે કે ક્રોધ કષાયને વશ પડી જાય છે. વહેવારમાં ક્રોધ કરવાના પ્રસંગો કોઇ કોઇવાર આવી જાય છે, તેવે સમયે ક્ષમાગુણ કેળવવો એ તો બહુ સારી વાત છે, પણ જેનાથી તે ન બને તેણે ક્રોધ કરવામાં પણ અક્કલ રાખવી પડે છે, નહિ તો ઓડનું ચોડ વેતરાઇ જાય, સામો માર ખાઇ જાય, તેના પર નાલેશીની ફોજદારી થાય, મોટી રકમ દંડ કે નુકશાનીની આપવી પડે અને દુનિયામાં અપયશ ફેલાઇ જાય. માટે ક્રોધ કરનારે પણ ઘણો વિવેક રાખવા જેવો છે. તેમાં રાખવાની સંભાળ પર વિચાર કરતાં ક્ષમાગુણને વગર વિરોધે નીચેની બાબત વિચારવા જેવી થઇ પડે છે.

(૧) ગમે તેના પર ગુસ્સે ન થવાય. નોકર શેઠ પર ગુસ્સે થાય તે પાલવે નહિ, તેમાં તે ફાવે નહિ. કાં તો નોકરી જાય અથવા માર ખાઇ બેસે. સામો ગુન્હેગાર હોય, મોટો ગુન્હો કરતાં પકડાઇ ગયો હોય તો તેના પર ગુસ્સે થવું એ સમજી શકાય તેવી વાત છે. બાકી જ્યાં ત્યાં દુર્વાસાની જેમ કુંફાડા મારવા નહિ. (૨) આટલી જ મહત્વની વાત ગુસ્સો કેટલો ચઢાવવો તેની વિચારણામાં આવે છે. ચાળો કરનારને ધોલ મરાય નહિ, રૂની પુણી ચોરનારને લાફો મરાય નહિ અને છોકરાને સોળ ઊઠે તેટલો મરાય નહિ. ક્રોધનો પારો વખત, પાત્ર અને પ્રસંગને અનુરૂપ હોવો જોઇએ. (૩) અને ગુસ્સો ગુસ્સાને વખતે શોભે. પંગતમાં જમવા બેઠા હોઇએ અને પીરસનાર જરા ભૂલ કરે ત્યાં ઊઠીને તમાચો મારનારના ગૌરવની હાનિ થાય અને નીચ હલકા ગોલાના મ્હોંમાંથી ગાળ નીકળે તેને ઉત્તર દેતાં દશ વધારે ગાળ સાંભળવી પડે. (૪) અને ગુસ્સાની બાબત કે ઉદ્દેશ ગુસ્સાને યોગ્ય હોવો જોઇએ. સામાની સુધારણા કરવાની પોતામાં તાકાત હોય, સામો માણસ સારા અર્થમાં સમજે તેવો હોય ત્યાં ગુસ્સો કદાચ શોભે, બાકી ઉદ્દેશ વગરનો ગુસ્સો કરવાથી ઘા ખાલી જાય અને પોતાનો હાથ લચી પડે. (૫) અને ગુસ્સો બરાબર યોગ્ય રીતે કરવો ઘટે. જ્યાં માત્ર ભવાં ચઢાવવાથી ચાલે તેવું હોય ત્યાં તમાચો લગાવવા હાથ ન ઉઠાવાય અને જ્યાં હુંકાર કરવાથી પતે તેવું હોય ત્યાં નિર્ભર્ત્સનાનું વચન બોલવું ન ઘટે.

આ પ્રમાણે ગુસ્સે થવામાં પણ વિવેક વાપરવાની જરૂર છે. તુલના કરવાની આવશ્યકતા છે અને સમજણ રાખવાની જરૂર છે. ક્ષમાની મોટી વાત છે. તે બને તેણે પોતાની મર્યાદામાં રહેવા ખાતર અને સ્વમાનની જાળવણી ખાતર મન પર કાબૂ તો જરૂર રાખવો ઘટે. સજ્જનને ક્રોધ હોય નહિ, હોય તો ઝાઝો વખત ટકે નહિ અને ટકે તો તેને તેનાં વિરૂપ ફળો સુધી ખેંચી જાય નહિ.

**Anybody can become angry– that is easy; but to be angry with the right person, and to the right degree, and at the right time, and for a right purpose and in the right way–that is not so easy.**
**—Aristotle.** ( 20-12-45 )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૬ )

**ધર્મ બાંધવ.**

**નિત્ય મિત્ર સમાન શરીર છે, પર્વ મિત્ર સમાન સ્વજનો છે અને પ્રણામ મિત્ર સમાન ધર્મ છે અને તે ખરો બાંધવ છે.**

મિત્રો–સ્નેહીઓ અનેક પ્રકારના હોય છેઃ નિત્ય મિત્ર, પર્વ મિત્ર, તાળી મિત્ર વગેરે. જેનો દરરોજ પરિચય થતો હોય તે નિત્ય મિત્ર, જે વાર તહેવારે કે રજાને દિવસે મળે તે પર્વ મિત્ર, જે વગર ગોઠવણે અનાયાસે મળી જાય તે તાળી મિત્ર. શરીર આખા જીવન સુધી સાથે રહે છે તેથી તે નિત્ય મિત્રની કક્ષામાં આવે, સગાંસંબંધી કોઇ કોઈ વાર મળે તે પર્વ મિત્રની કક્ષામાં આવે અને બહેવારમાં જેને મિત્ર ગણવામાં આવે છે તે સર્વ તાળી મિત્રની કોટિમાં આવે. આવા તો બીજા મુસાફરીના મિત્રો, તાળી મિત્રો વગેરે ઘણા હોય, પણ વ્યવહારમાં કહેવાય છે ' સગપણ તે સોનું, પ્રેમ તે પિત્તળ ' આ કહેવત પણ વિચારવા જેવી છે. અમુક અડીભડીને વખતે મિત્રો દૂર રહે છે, ખરાં અંતરનાં સગાં હોય તે જ તેવે વખતે કામ આવે છે. એવા સગાંને ' બાંધવ ' કહેવામાં આવે છે. જ્યારે ઘોર વાદળાં વિંટાઇ પડયા હોય તેવે વખતે ખરો સગો ભાઇ બાજુએ આવી બાંહ્ય પકડી ઊભો રહે છે અને તેને 'બંધુ' કહેવામાં આવે છે. આવો બંધુ જો કોઇ હોય, જે ખરી આફત વખતે પડખે ઊભો રહે અને જેના પર પાકી ગણતરી કરી શકાય તો તે ધર્મ છે. એ ભયંકર તોફાન વખતે, આખા ભવમાં રાત્રે અને દિવસે, આ ભવમાં અને પરભવમાં બરાબર પડખે આવીને ઊભો રહે છે. ભલે એ મિત્રની જેમ ટોળટપ્પાં ન હાંકતો હોય, એ સારે અવસરે સાથે મ્હાલતો ન હોય પણ ચારે તરફ આફત વરસતી હોય ત્યારે એ બરાબર પડખે આવી ઊભો રહે છે. એની સાથે લટક સલામનો સંબંધ હોય, એની સાથે ઘરોબો ન રાખ્યો હોય, એના સાથે મીઠાં વચનોની આપ–લે ન કરી હોય તો પણ તે અણીને વખતે બરાબર કામ આપે છે અને તેથી તેને ખરો બંધુ ' ગણવામાં ' આવે છે અને ધર્મનું બંધુત્વ તો ખરેખર આશ્ચર્ય કરે તેવું છે. એમાં ઢોંગ ન હોય, એમાં ગોટાળા ન હોય, એમાં દેખાવ ન હોય, એમાં દોરદમામ ન હોય, એમાં ધાંધલ ન હોય, એમાં ખાલી ઠઠારો ન હોય. એ તો ખરો સગો ભાઇ થઇને બરાબર ટેકો આપે છે અને જરૂરી અવસરે ખાસ કામ આપી આખા જીવનપંથને અને જીવન પછીના ભવિષ્યના પંથને ઉજાળે છે, મહિમાવંતો કરે છે, માર્ગદર્શન કરાવે છે અને પ્રગતિને પોષે છે.

બીજા કોઇની ઉપેક્ષા પાલવે, ધર્મની ઉપેક્ષા ન પાલવે. એને વિસરવાથી કે એને ઉવેખવાથી માર્ગ બગડી જાય, મતિ બગડી જાય, પરભવ બગડી જાય અને ખાનાખરાબી થઇ જાય. આ ધર્મને–આત્મધર્મને ઓળખી જે એને અપનાવે તે જન્મ–જન્માંતરમાં તેનો ટેકો મેળવે અને એ ટેકાથી પોતાનો રસ્તો સરળ અને સાધ્ય સન્મુખ કરે. આવા પ્રણામ મિત્ર સરખા બાંધવને કેમ તરછોડાય ?

**नित्यमित्रसमो देहः, स्वजनः पर्वसन्निभः। प्रणाममित्रसमो ज्ञेयो धर्मः परमबान्धवः ॥**

**સુભાષિત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન-ઝરમર.

લેખક:—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. (ત્રિપુટી)

(ગતાંક પૃષ્ઠ ૭૪ થી શરૂ)

આપણે ક. કા. સ. શ્રી હેમચંદ્રાચાર્યજીની ઉદારતા, મહાનુભાવતા અને પરધર્મમત-સહિષ્ણુતા જોઇ એમાં નીચેના બે પ્રસંગો-બે ઘટનાઓ પણ એમની ઉદારતા, સાધુચરિતતાનું જ ઉદ્બોધન કરે છે.

૧-ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના સમયનો આ પ્રસંગ છે.

બન્યું છે એવું કે શ્રી હેમચંદ્રાચાર્યજીના ઉપદેશની અસર રાજા ઉપર થઇ ત્યારે બ્રાહ્મણોએ સૂરિજીની વિરુદ્ધ રાજાના કાન ભંભેર્યા અને કહ્યું મહારાજ **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** (ગીતાજી) માટે આપણે તો આપણો જ ધર્મ પાળ્યે છૂટકો છે. વળી શ્રી હેમચંદ્રાચાર્યજી પણ પોતાના ધર્મ સિવાયના બીજા બધા ધર્મોને મિથ્યા-અસત્ય માને છે.

રાજા—તમે બધા ભૂલો છો. સૂરિજીમાં જે સત્યપ્રિયતા, જે ઉદારતા, મહાનુભાવતા છે તે મેં અન્યત્ર હજી સુધી જોઇ નથી. તમે બધા તમારું જ બધું સાચું અને બીજાનું બધું જ ખોટું આવું માની અને મનાવી રહ્યા છો જ્યારે સૂરિજી મહારાજ તો સાચું એ જ મારું ઉપદેશી રહ્યા છે.

બ્રાહ્મણ પંડિતોથી રાજાએ કરેલો શ્રી હેમચંદ્રાચાર્યજીનો ઉત્કર્ષ સહન ન થયો અને તેમને ગર્વપૂર્વક કહ્યું-મહારાજ, અમારું જ સાચું છે, સૂરિજીનું સાચું નથીજ-ન જ હોઇ શકે.

રાજા—એમ કરો, એક વાર તમે બધા પંડિતો વાદવિવાદ કરી તમારામાં ચાલતા મતભેદો, સિદ્ધાન્તભેદો, ક્રિયાભેદો, દાર્શનિક ભેદો મિટાવી દ્યો, પછી આપણે સૂરિજી પાસે કયો ધર્મ સત્ય, એનો નિર્ણય કરી લઇશું.

જુદા જુદા મતસિદ્ધાન્તવાદી બ્રાહ્મણ પંડિતોનો વાદવિવાદ શરૂ થઇ ગયો. આગળ આગળ ઉપર તો કલહ અને ઇર્ષ્યા પણ આવ્યાં. ધર્મવાદ-ધર્મતત્ત્વ બાજુ પર રહી ગયું અને માત્ર વાગાડમ્બર-વાણીવિલાસ જ રહ્યો. રાજાએ એમને સીધા કરવા પકડી બાંધીને એક ઓરડામાં પૂર્યા ત્યાં તો યથાસમયે સૂરિજી મહારાજ પણ પધાર્યા. આજે રાજા ઉદાસ અને ખિન્ન હતા. એને એમ ચોક્કસ થઇ ગયું કે આ પંડિતો જ ધર્મને નામે ઝગડા-કલેશ અને કલહ કરાવે છે. નથી તો તેઓ એક થઇ શકતા અને નથી તો એક થઇને રહી શકતા એટલે જ પોતાના અનુયાયી ભક્તગણને પણ નથી એક થવા દેતા કે નથી એકતાથી રહેવા દેતા.

સૂરિજી મહારાજાએ રાજાને ઉદાસીનતાનું કારણ પૂછ્યું તેમજ સામેના ઓરડામાં બંધનથી બાંધેલા પંડિતો પણ જોયા અને પૂછ્યું-રાજન્! આ શું છે?

રાજા—ગુરુદેવ, મારી એક વિનતિ સાંભળો. આ સંસારમાં અનેક મતો-ધર્મો પ્રચલિત છે. કયો ધર્મ સાચો? આ પંડિતો તો માને છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે પોતે જ સાચા અને બીજા બધા ખોટા, તદ્દન ખોટા જ છે; માટે આજ તો કૃપા કરીને આપ જ્ઞાની પુરુષ મને આ બધાયને માન્ય થાય એવો સત્ય ધર્મ સમજાવો.

સૂરિજી—રાજન્! જૈન ધર્મથી આત્માનું કલ્યાણ થાય. જે ધર્મબોધથી આત્મા કષાયમુક્ત બને, રાગ દ્વેષથી રહિત બને, અજ્ઞાન અને મિથ્યાત્વ માયાનો ત્યાગ કરી, આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજે તે **સત્ય ધર્મ છે.**

રાજા—આચાર્યદેવ, યદિ ધર્મનું સ્વરૂપ આવું છે તો તે ધર્મ મનુષ્યને લઢતાં-ઝગડતાં, કષાય અને કલેશ કરતાં, આપસમાં માથાં ફોડતાં, માયા અને કપટ કરતાં શીખવી જ કેમ શકે ?

સૂરિજી—રાજન્! હું એ જ કહેવાનો હતો. સાંભળો ત્યારે. ધર્મ કદી પણ કલેશ, ઝઘડા, ઇર્ષ્યા, માયા, કપટ કે માથા ફોડવાનું શીખવતો જ નથી. **ધર્મ તો શીખવે છે પ્રેમ, મૈત્રી, સહકાર, સહયોગ અને સમસ્ત જીવો સાથે બંધુભાવ**. સાચો ધર્મદ્રષ્ટા એ જ હોઈ શકે, સાચો ધર્મપ્રચારક એ જ થઈ શકે જેના જીવનમાં શત્રુ કે મિત્ર પ્રતિ સમભાવ છે. શત્રુ પ્રતિ પણ જેના રૂવાંડામાંયે દ્વેષ નથી. અરે! એ સાચો ધર્મનિષ્ઠ તો દયા અને પ્રેમભર્યો હોય છે.

રાજન્! સત્ય ધર્મ તો આત્મધર્મ છે. જ્યાં જ્યાં આત્મા છે, આત્માના ગુણો છે ત્યાં ત્યાં આત્માને આત્મા પ્રતિ પ્રેમ, સ્નેહ, આર્દ્રતા, દયા હોવાં જ જોઈએ. જેઓ ધર્મના નામે ઝઘડા, કલેશ, કલહ, ઇર્ષ્યા, અસૂયા, રાગ, દ્વેષ, પક્ષપાત, માયા અને કપટ-રાગ અને દ્વેષ રાખે, બીજાઓને એવું શીખવે છે તેઓ વાસ્તવિક આત્મધર્મનું સ્વરૂપ હજી સમજ્યા નથી. એમને એ સમજતાં હજી વાર થશે. વાસ્તવિક ધર્મ તો એ પ્રબોધે છે-કે—

**" कषायमुक्तिः किल मुक्तिरेव "**

**"समभावभाविअप्पा लहइ मोक्खं न संदेहो"**

ધર્મ એ તો આત્માનો ગુણ છે. કોઈ એમ કહે કે ધર્મ અમારાં માનેલાં ધર્મસ્થાનોમાં જ રહે છે, ધર્મ અમારી પાસે જ રહે છે તેઓ ભૂલે છે. ધર્મ વિના કોઈ જીવ રહી શકતો નથી. દરેક આત્મામાં ધર્મ રહેલો જ છે. માત્ર પૂર્ણ જ્ઞાની પુરુષોનો એ ગુણ પ્રગટ રૂપે દેખાય છે અને અપૂર્ણ જીવોનો એ ગુણ પ્રચ્છન્ન રહેલો હોય છે.

જેઓ આત્માના આ મહાન્ ગુણને પિછાનતા નથી એમને હજી ધર્મની પિછાન થવાની વાર છે. ધર્મતત્ત્વ સમજ્યો હોય એનાં લક્ષણો આવા હોવાં જોઈએ.

૧ સત્યનો અર્થી-સત્ય ધર્મનો ગ્રાહક.

૨ જ્યાં જ્યાં સાચું હોય, સાચું જુએ એને સ્વીકારતાં કદીયે અચકાય નહિં એટલું જ નહિ પણ સાચું એ જ મારું માને અને મારું જ સાચું એવો દુરાગ્રહ ન રાખે.

૩ નિષ્પક્ષપાતી બની-પૂર્વગ્રહથી રહિત બની બધા ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરી સત્ય ધર્મને સ્વીકારી જીવનમાં ઉતારે.

૪ દરેક ( પછી તે શત્રુ હોય કે મિત્ર હોય )ની સાથે પ્રેમ, દયા, સ્નેહ અને ભ્રાતૃભાવના રાખે.

૫ અન્યધર્મી ઉપર તિરસ્કાર, અનાદર, દ્વેષ અને તુચ્છકાર ન રાખે.

૬ સત્ય ધર્મ કે જેને એ પ્રાણ કરતાં પણ વધુ પ્યારો ગણતો હોય એના પ્રચાર માટે દબાણ, જોરજુલમ, અત્યાચાર ન કરે. સત્ય ધર્મનો પ્રચાર નિષ્પક્ષ બની યુક્તિ-તર્ક-દલીલો-સમજાવટ અને પ્રેમથી કરે. ધર્મપ્રચાર પ્રેમથી, દલીલોથી, સત્ય આચરણથી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ સત્ય ધર્મની દલીલો—સમજાવટ અને પ્રેમ દાખવવા છતાં યે સામો માણુસ સત્ય ધર્મ ન સ્વીકારે તો પણ એના ઉપર ક્રોધ, દ્વેષ કે અસૂયા ન રાખે. બસ એવા જીવો ઉપર દયા, કરુણા, માધ્યસ્થ્ય અને ઉપેક્ષા રાખે. સત્ય ધર્મના પ્રચાર માટે માયા, કપટ અને શઠં પ્રતિ શાઠ્યંનો ઉપયોગ ન કરે, કિન્તુ '**શઠં પ્રતિ સત્યમાચરેત્**' ની નીતિ રાખે.

૮ સદાચારી, પવિત્ર હૃદયી, સરલ, અલ્પ-કષાયી, ઉદાર, સહૃદયી, ધર્માનુરાગી, અહિંસા, સંયમ, તપ અને ત્યાગની મૂર્તિ, દાન, શિયલ તપ અને ભાવના, જ્ઞાન, દર્શન અને ચારિત્ર વિગેરે ધર્મયુક્ત હોય.

રાજા—બસ સ્વામિન ! આપે કહ્યો એવો જ ધર્મ મને ગમે છે. પણ ધર્મશાસ્ત્રો ઘણાં છે, ધર્મ-પ્રચારકો ઘણા છે, ધર્મો—મતો—દર્શનો ઘણા છે, આમાંથી સત્ય ધર્મ કઇ રીતે પ્રાપ્ત થાય ?

સૂરિજી—રાજન્ ! યદિ ઉપર કહેલ **ધર્મ-તત્ત્વ** સ્વીકારવાની—શોધવાની ઇચ્છા હોય તે મુમુક્ષુ આત્માઓ એ સત્ય—શાશ્વત—પરમશાંતિ-પ્રદ ધર્મની ખોજ કરી આત્મકલ્યાણ સાધે છે* આ સંબંધી હું વિસ્તાર તો નથી કરતો પરંતુ પુરાણમાં **શંખાખ્યાન** અધિકારમાં **ચારિસંજીવનીન્યાય** જણાવ્યો છે તે પ્રમાણે મુમુક્ષુ જીવ સત્ય ધર્મ શોધી શકે છે, પામી શકે છે. જુઓ, તે શ્લોક—

" **तिरोधीयते दर्भाद्यैर्यथा दिव्यं तदौषधम् ।**
**तथाऽमुष्मिन् युगे सत्यो धर्मो धर्मान्तरैर्नृप !॥**
**परं समग्रधर्माणां सेवनात् कस्यचित् क्वचित् ।**
**जायते शुद्धधर्माप्तिर्दर्भच्छन्नौषधाप्तिवत् "॥**

હે રાજન્ ! દર્ભાદિ સાથે મળી જવાથી જેમ દિવ્ય ઔષધિની પિછાન થતી નથી તેમ આ યુગમાં કેટલાક ધર્માન્તરો—બીજા બીજા ધર્મોથી સત્ય ધમ આચ્છાદિત થઇ રહ્યો છે, થઇ ગયો છે; પરન્તુ સમગ્ર ધર્મોના સેવનથી દર્ભ-મિશ્રિત દિવ્ય ઔષધીની પ્રાપ્તિની જેમ કોઈને શુદ્ધ ધર્મની પ્રાપ્ત થઇ જાય છે.

અંતમાં—

રાજન્ ! ધર્મ તો મનુષ્યને આત્મિક શાંતિ, સમભાવ અને જીવનની સાચી અસ્મિતાનો આનંદ લૂંટતાં શીખવે છે. ધર્મ શુષ્કતા, રૂક્ષતા કે હૃદયહીનતા નથી શીખવતો. જે ધર્મ અહિંસા, સત્ય, પ્રેમ, મૈત્રી, કરુણા અને માધ્યસ્થ-વૃત્તિ શીખવે છે તે ધર્મ સત્ય ધર્મ કહેવડા-વવાને યોગ્ય છે. આ સિવાયનાને ધર્મ કહેવા કરતાં **ધર્માભાસ** કહેવા યોગ્ય છે.

અર્થાત્ મુમુક્ષુ જીવને એ ધર્મોથી સત્ય ધર્મની પ્રાપ્તિ થઇ જાય છે.

આ વસ્તુ પ્રબન્ધચિન્તામણીમાં આપી છે. જે રીતે આપી છે તે પ્રમાણે અહીં આપું તો સ્થાને જ લેખાશે.

એક વાર સંસારસાગરને તરવાની ઇચ્છાથી શ્રી સિદ્ધરાજે સર્વ દેશના સર્વ દર્શનોના માણસોને દેવ તત્ત્વ, ધર્મ તત્ત્વ અને પાત્ર તત્ત્વ જાણવા માટે જુદું જુદું પૂછી જોયું તો દરેકે પોતાના મતની સ્તુતિ કરી અને પારકાના મતની નિંદા કરી. આથી રાજાનું મન શંકાને ચક-ડોળે ચડયું અને તેણે હેમાચાર્યને બોલાવી પોતાની ગૂંચ પૂછી પણ હેમાચાર્યે ચૌદ વિદ્યા-સ્થાનોનાં રહસ્યનો વિચાર કરીને નીચેનો પૌરાણિક નિર્ણય કહેવા માંડયો. 'પૂર્વે એક વેપારીએ પહેલાં પરણેલી પોતાની સ્ત્રીને તજી દઈને બધું પોતાની રાખેલી સ્ત્રીને આપી દીધું. આથી પહેલાં પરણેલી સ્ત્રી હમેશાં પતિને વશ કરવાનું કામણુ જાણુકારોને પૂછ્યા કરતી. એક

* આટલો ભાગ સામાન્ય જીવોના ધર્મબોધ માટે જ અહીં મેં રજુ કર્યો છે—લખ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત કોઇ ગૌડ (બંગાળી) દેશના માણસે 'તારા વરને તું દોરડાથી બાંધીને દોરે એવો કરી દઉં' એમ કહીને કાંઇક અચિન્ત્ય શકિત-વાળું ઔષધ લઇ આવીને 'આ ખાવામાં આપી દેજે' એમ કહીને ચાલ્યો ગયો. અમુક દિવસ પછી ક્ષય તિથિને દિવસે તે બાઇએ તે પ્રમાણે કર્યું તો તેનો વર સાક્ષાત્ બળદ થઇ ગયો. હવે તે બાઇ આનું વારણ શું કરવું તે જાણતી નહોતી, એટલે બધા લોકોની નિંદા સહન કરતી, પોતાના ખોટા કામનો શોક કરતી એક દિવસ બપોરને વખતે સૂર્યના પ્રખર તાપમાં તડકો વેઠીને પણ લીલાં ખડવાળી જમીનમાં પોતાના બળદરૂપ પતિને ચરાવતી હતી, અને એકાદ ઝાડનાં મૂળ પાસે બેસીને થાક ખાતી તે રોતી હતી, ત્યાં આકાશમાં થતી વાતચીત તેણે સાંભળી—

આ વખતે (આકાશમાર્ગે જતાં) વિમા-નમાં બેઠેલા શંકર(મહાદેવજી)ને પાર્વતીએ આ બાઇના દુઃખનું કારણ પૂછયું એટલે મહાદેવજીએ જે બન્યું હતું તે કહી બતાવ્યું. ત્યારે પાર્વતીજીએ પૂછયું-શું આ બાઇનું દુઃખ નિવારણ કરવાનો કોઇ ઇલાજ છે ખરો ?

મહાદેવજી–ઇલાજ છે તો ખરો.

પાર્વતીજી–ત્યારે બિચારી બાઇ ઉપર દયા લાવી એ ઇલાજ બતાવો.

મહાદેવજી–જે ઝાડ નીચે એ બાઇ બેઠી છે એ ઝાડની છાયામાં બળદ પાછો મનુષ્ય બની જાય એવી ઔષધિ છે. આટલું કહી શંકર ને પાર્વતી અંતર્ધાન થઇ ગયા.

બાઇએ આ સંવાદ સાંભળ્યો. બાઇએ ઊભા થઇ ઝાડની છાયાની ચારે બાજુ દોરો બાંધી લઇ મર્યાદા-માપ કર્યું. પછી એની અંદર રહેલી વનસ્પતિમાત્રના અંકુરો કાપીને બળદ-ના મોઢામાં આપવા માંડયા. આ પ્રમાણે તેને ન ઓળખાયેલા, પણ બળદના મોઢામાં પડેલા ઔષધાંકુરથી તે બળદ **મનુષ્યરૂપ** પામ્યો. જેમ તેણે ઔષધનું સ્વરૂપ ઓળખ્યું નહોતું છતાં ય તેનું ધારેલું કામ સિદ્ધ થયું તેમ કળિયુગ-માં મોહથી પાત્રજ્ઞાન ઢંકાઇ ગયું છે માટે સર્વ દર્શનો(ધર્મો)નું ભકિતથી કરેલું આરાધન અજાણતાં પણ મુકિત આપનાર થાય છે, એમ મારો નિર્ણય છે–મત છે.

સૂરિજીમહારાજે સિદ્ધરાજને ચારિસંજી-વની ન્યાયથી ધર્મસ્વરૂપ સમજાવી ધર્મની આરાધના કરવાનું જણાવ્યું, જે સાંભળી રાજા અને અન્ય સર્વદર્શનીયો સૂરિજીની સમભા-વના, ઉદારતા, મહાનુભાવતા, પરધર્મમતસહિ-ષ્ણુતાની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા. સૂરિજીનો સાધુવાદ ગાવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિગ્રહમીમાંસા

લેખક-મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

ગતાંક પૃષ્ઠ ૫૮ થી શરૂ.

( ૫ )

દિગ૦—શાસ્ત્રમાં જ્યાં મુનિનું વર્ણન આવે છે ત્યાં જણાવેલ છે કે '**जिताचेलपरीषहो मुनिः**' (જેણે અચેલ પરીસહ જીત્યો છે તે મુનિ કહેવાય છે.) જો મુનિઓ વસ્ત્ર રાખતા હોય તો તેને અચેલ પરીસહ જીતવાનુંજ કયાં રહ્યું ? માટે મુનિએ વસ્ત્ર ન જ રાખવા જોઇએ.

શ્વેતા૦—શાસ્ત્રમાં મુનિને માટે આ એક જ પરીસહ જીતવાની વાત નથી. તેને તો બાવીસ પરીસહ જીતવાના છે. પરીસહ જીતવા એટલે શું ? તે તે વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો કે એષણા આદિથી વિશુદ્ધ વસ્તુને મેળવીને ઉપયોગ કરવો ? જો તે તે વસ્તુઓ સર્વથા છોડી દેવાથી જ પરીસહ સહન કર્યા કહેવાતા હોય તો દીક્ષા લે ત્યારથી મુનિએ અનશન કરવું જોઈએ, કારણ કે તેને ક્ષુધા પરીસહ સૌથી પ્રથમ સહન કરવાનો છે અને જો શુદ્ધ વસ્તુઓના ઉપભોગપૂર્વક પણ પરીસહ જીત્યો ગણાતો હોય તો વસ્ત્ર પણ વિશુદ્ધ ગ્રહણ કરવામાં અચેલ પરીસહ સહન કરવામાં બાધા આવતી નથી.

દિગ૦—આહાર સિવાય ધર્માધાર શરીર ટકી શકતું નથી ને વસ્ત્ર વગર ટકી શકે છે, માટે ભિક્ષાની શુદ્ધિથી પણ ક્ષુધા પરીસહ જીતાય છે ને વસ્ત્રવિશુદ્ધિથી અચેલ પરીસહ જીતાતો નથી. બીજું વસ્ત્ર રાખવાથી મુનિઓને જોઇ અનેકને રાગદ્વેષાદિ થાય. જો મલિન વસ્ત્ર રાખે તો તેના પ્રત્યે જનતા દ્વેષ કરે, ક્રોધ કરે, મુનિની નિન્દા કરે, ને સારા-સ્વચ્છ વસ્ત્ર રાખે તો મુનિ પ્રત્યે રાગ કરે—એ બન્ને ઉચિત નથી. વસ્ત્ર હોય તો મુનિ જનતાના સંસર્ગમાં વધારે આવે એટલે અનેક દોષો તેમાંથી જન્મે માટે વસ્ત્ર ન રાખવું જોઇએ.

શ્વેતા૦—ખરેખર ! તમારું અપૂર્વ યુક્તિ-કૌશલ્ય છે ! ધર્માધાર શરીરમાં આહાર નિમિત્તભૂત છે ને વસ્ત્ર નથી ! એ નવીન જ છે. તમને અનેક વખત સમજાવ્યું છે કે તેવા પ્રકારના વિશિષ્ટ સામર્થ્યવાળા આત્માઓને માટે વસ્ત્ર કદાચ શરીરરક્ષણમાં કારણ ન પણ હોય, પરંતુ અલ્પ બળવાળા, હીન સંઘયણવાળા આ કાળના આત્માઓના શરીર તો વસ્ત્ર વગર ટકી શકતા નથી. શીતાતપવર્ષાના સમયમાં વસ્ત્ર ન હોય તો આ શરીરને સાચવવા આત્મા અનેક સદોષ બીજા ઉપાયો કરે તે માટે વસ્ત્ર એ જ વિશુદ્ધ અને નિર્દોષ સંયમાધાર શરીરના રક્ષણમાં સાધન છે.

વસ્ત્ર પહેરવાથી બીજાને રાગદ્વેષ થાય તે તો વિચિત્ર જ છે. ઉચિત વસ્ત્ર વાપરવાથી જ જનતા મુનિને જોઈ મુનિ પ્રત્યે શ્રદ્ધાવાળી થાય. મુનિ પ્રત્યે અનુરાગ થાય એ તો પ્રશસ્ત છે, આદરણીય છે. મુનિ તરફના સ્નેહથી જ સંસારના સ્નેહબન્ધનો તૂટે છે. જો બીજાના કષાયમાં કારણભૂત થાય તે સર્વનો ત્યાગ કરવો એવો તમારો આગ્રહ હોય તો ધર્મનો પણ ત્યાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો જોઇએ. સત્યધર્મને અનુસરતાં બીજાને જોઈને પણ મિથ્યાત્વીઓના મન સંકિલષ્ટ બને છે.

ગોશાલક, સંગમક વગેરેને ખૂદ જિનેશ્વર પ્રભુ પણ કષાયનું કારણ બન્યા હતા. તેથી શું?

શુ કોઇ દુષ્ટોના દિલ દુભાય–તેને ખરાબ લાગે તેથી સજ્જનોએ પોતાના સદાચરણો છોડી દેવા? ના એમ કરાય જ નહિ. વિશુદ્ધ-ભાવે પોતાના કર્તવ્યમાં અચલ રહેવું એ જ ઉચિત છે.

બીજુ જો એમ જ હોય તો તમારી નગ્નતા તો વધારેમાં વધારે સ્વપરના કષાયનું કારણ છે; કારણ કે આહારાદિના પ્રયોજને તમારે પણ જનતાના સંસર્ગમાં તો આવવું જ પડે! લજ્જા-પ્રધાન જનતા તમારી નગ્નતા નિહાળી લજ્જા-પામે, વિકારવશ બને; કોઇને ચીડ ચડે, તમને તેઓને તેમ કરતાં જોઈ ખેદ થાય. માટે વસ્ત્ર અને પાત્ર કે જે સંયમમાં ઉપકારી છે તેમાં પરિગ્રહ બુદ્ધિના કદાગ્રહને છોડી શાસ્ત્રીય પથને અનુસરો તેમાં જ શ્રેય છે.

વાચક સિદ્ધસેને પણ કહ્યું છે કે—

'મોક્ષને માટે ધર્મસાધન અર્થે જે પ્રમાણે શરીર સાચવવામાં આવે છે, અને જે પ્રમાણે શરીર ધારણ કરવા માટે ભિક્ષા લેવામાં આવે છે તે જ પ્રમાણે પાત્ર અને વસ્ત્ર પણ ગ્રહણ કરવા જોઈએ.

જિનવરોએ સંયમસાધનામાં સહાયક વસ્ત્ર-પાત્રને ઉપગ્રહ કહ્યા છે; પરિગ્રહ કહ્યા નથી; માટે વસ્ત્ર–પાત્ર રાખવામાં કોઇ પણ પ્રકારે દૂષણ નથી.

૧. પરિગ્રહ એ મૂર્છા છે. પદાર્થ પ્રત્યે જે મમત્વ તે પરિગ્રહ છે. વસ્તુ એ પરિગ્રહ નથી. વસ્તુને ન રાખવી એ જ જો પરિગ્રહવિરમણ મહાવ્રત હોય તો ચૌટામાં ફરતા કૂતરાને તે મહાવ્રત સારી રીતે સંભવે.

૨. સંયમને ઉપયોગી ઉપકરણો ગ્રહણ કરતાં સંયમની સંરક્ષણ ભાવના પ્રધાન રહે છે. તે ઉપકરણો એવા હોય છે કે તેમાં મૂર્છા થવાનો પ્રાય: સંભવ નથી.

૩. વસ્ત્રથી શીતનું કષ્ટ દૂર થાય છે. જો કે સાધુઓને શીત પરીસહ સહન કરવાનો છે પણ તે કેવી રીતે? આત્મપરિણતિ સ્થિર રહે તેવી રીતે. જો દુર્ધ્યાન કરવાનો પ્રસંગ આવે તો તે પરીસહ સહન કરતા પણ આત્માનું અધ:પતન જ થાય. વસ્ત્ર વગરના અસહિષ્ણુ આત્માઓ શીતના સમયમાં ઘાસ અને અગ્નિનો ઉપયોગ કરે છે તે પ્રસિદ્ધ છે. ઘાસ અને અગ્નિના ઉપયોગમાં જીવ વિરાધના બહુ થાય છે.

૪. વસ્ત્રથી એકેન્દ્રિય–બેઇન્દ્રિય વગેરે સૂક્ષ્મ જીવોની પ્રમાર્જના–રક્ષણ થાય છે.

૫. મૃતકને આચ્છાદન કરવા માટે શ્વેત વસ્ત્રને અત્યાવશ્યક ગણ્યું છે.

૬. રોગી માણસના પ્રાણ વસ્ત્ર વગર શીઘ્ર ક્ષીણ થાય છે.

૭. જનતાના સંસર્ગમાં આવતા સ્ત્રી–પશુ-પંડકાદિના દર્શનથી વિકારોદય ન થાય તે માટે વસ્ત્રની ખાસ અગત્ય છે.

ઇત્યાદિ અનેક હિતકર પ્રયોજનો હોવાથી સંયમરક્ષા અર્થે જરૂર પૂરતા વસ્ત્ર સ્વીકારી શિવસાધનામાં ઊજમાળ બનવું એ જ શ્રેયસ્કર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ યશોવિજયજી.

(૫)

( ગતાંક પૃષ્ઠ ૭૯ થી શરુ )

લે.—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

**ધન્ય તે મુનિવરા રે.**
**જે ચાલે સમભાવે;**
**ભવસાયર લીલાએ ઉતરે,**
**સંયમ કિરિયા નાવે. ધન્ય૦**
**ભોગ પંક તજી ઉપર બેઠા,**
**પંકજ પરે જે ન્યારા;**
**સિંહ પરે નિજ વિક્રમશૂરા,**
**ત્રિભુવન જન આધારા. ધન્ય૦**
**જ્ઞાનવંત જ્ઞાની શું મળતા,**
**તન મન વચને સાચા;**
**દ્રવ્ય ભાવ સુધા જે ભાખે,**
**સાચી જિનની વાચા. ધન્ય૦**

તે મુનિવરો ધન્ય છે કે જે સમભાવે—રાગ-દ્વેષ રહિતપણે ચાલી રહ્યા છે! જે આત્મસંયમરૂપ આત્મપરિણતિમય શુદ્ધ ક્રિયારૂપ નૌકાવડે આ ભવસમુદ્રને લીલામાં—રમત માત્રમાં પાર ઊતરી જાય છે! ભોગ—પંક છોડી દઇ, જે તે ઉપર ઉદાસીન થઈને પંકજ—કમલની જેમ ન્યારા થઇને બેઠા છે, સિંહની જેમ જે આત્મપરાક્રમી શૂરવીર છે—પોતાના આંતરશત્રુઓને હણવામાં વીર છે, ને જે ત્રિભુવન જનના આધારરૂપ છે. જે પોતે જ્ઞાનવંત—આત્મજ્ઞાની છે ને જ્ઞાની પુરુષો સાથે હળીમળીને રહે છે. જે તન—મન—વચને સાચા છે, અને જે દ્રવ્ય-ભાવથી શુદ્ધ એવી સાચી-જિનની વાચા વદે છે, સાચા વીતરાગપ્રણીત માર્ગનો ઉપદેશ આપે છે, એવા તે નિર્ગ્રંથ મુનિવરોને—શ્રમણોને ધન્ય છે!

તથારૂપ મુનિગુણું ધારવા જે અસમર્થ હોય, પણ જે શુદ્ધપ્રરૂપક હોય, તે **સંવિજ્ઞપાક્ષિક** પણ જિનશાસનને શોભાવે છે; કારણ કે તે સરળપરિણામી, નિર્દંભી હોઈ, પોતાના સાધુપણાનો દાવો કે ડોળ કરતો નથી, પણ સંવિજ્ઞપાક્ષિક છીએ, એમ સરળતાથી કહે છે. ઇત્યાદિ વાત પણ ત્યાં વિસ્તારીને ચર્ચી છે.

પણ જેનામાં સાચું આદર્શ મુનિપણું પણ નથી, ને જે નિર્દંભ સંવિજ્ઞપાક્ષિક પણ નથી, ને પોતે સાધુ છે, મુનિ છે, આચાર્ય છે, એમ મોટાઇમાં માચે છે, અને બાહ્ય ક્રિયાનો ડોળડમાક ને આડંબર કરે છે, તેની ભવ—અરઘટ્ટમાલા ઘટે નહિં.

**" માચે મોટાઇમાં જે મુનિ,**
**ચલવે ડાકડમાલા;**
**શુદ્ધ પ્રરૂપણ ગુણ વિણ ન ઘટે,**
**તસ ભવ અરહટમાલા. ધન્ય૦ "**

એવા કહેવાતા દ્રવ્ય સાધુઓ કે દ્રવ્ય આચાર્યો પોતાનો શિષ્ય સમુદાય સંચે છે, પણ મનને ખેંચતા નથી! અને ગ્રંથ ભણી લોકને વંચે છે—છેતરે છે! તેઓ કેશ લુંચે છે, પણ માયા—કપટ મુંચતા નથી! આવા જે હોય તેના પાંચ વ્રતમાંથી એકે વ્રતનું ઠેકાણું રહેતું નથી!

**" નિજ ગણ સંચે, મન નવિ ખંચે;**
**ગ્રંથ ભણી જન વંચે;**
**લુંચે કેશ ન મુંચે માયા,**
**તે ન રહે વ્રત પંચે. ધન્ય૦ "**

જે યોગ—ગ્રંથના ભાવ જાણતા નથી અને જાણે તો પ્રકાશતા નથી, અને ફોકટ મોટાઈ મનમાં રાખે છે, તેનાથી ગુણ દૂર નાશે છે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પરપરિણતિને પોતાની માને છે ને આર્ત્ત-ધ્યાનમાં વર્તે છે, અને જે બંધ-મોક્ષના કારણ જાણતા **નથી**, તે **પાપશ્રમણ** તો પહેલે ગુણ-ઠાણે છે, તે અજ્ઞાની દંભી-સાધુઓ પોતાને ભલે છઠ્ઠે ગુણઠાણે માનતા હોય કે મનાવતા હોય, પણ તે તો પહેલા ગુણઠાણે જ વર્તે છે.

**" યોગ ગ્રંથના ભાવ ન જાણે,**
**જાણે તો ન પ્રકાશે;**
**ફોકટ મોટાઈ મન રાખે,**
**તસ ગુણ દૂરે નાશે. ધન્ય૦**
**પર-પરિણતિ પોતાની માને.**
**વરતે આરત ધ્યાને;**
**બંધ મોક્ષ કારણ ન પિછાને,**
**તે પહિલે ગુણઠાણે. ધન્ય૦ "**

ઇત્યાદિ પ્રકારે કુસાધુઓની સખત ઝાટ-કણી કાઢી નિર્મલ મુનિપણાના આદર્શની ત્યાં સુપ્રતિષ્ઠા કરી છે.

તે જ પ્રકારે **સવાસો ગાથાના** સ્તવનમાં પણ તેમણે પોતાની શાસન પ્રત્યેની અંતરદાઝ વેધક શબ્દોમાં વ્યક્ત કરી છે તેઓ કહે છે કે-

**" કુગુરુનિવાસના પાશમાં,**
**હરિણ પરે જે પડયા લોક રે;**
**તેહને શરણ તુજ વિણ નહિ,**
**ટળવળે બાપડા ફોક રે;**
**જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના,**
**જે કરાવે કુલાચાર રે;**
**લુંટીઆ તેણે જન દેખતાં,**
**કિહાં કરે લોક પોકાર રે ?**
**કામકુંભાદિક અધિકનું,**
**ધર્મનું કો નવિ મૂલ રે;**
**દોકડે કુગુરુ તે દાખવે,**
**શું થયું એહ જગ શૂલ રે ?**
**કલહકારી કદાગ્રહભર્યા,**
**થાપતા આપણા બોલ રે,**
**જિનવચન અન્યથા દાખવે,**
**આજ તો વાજતે ઢોલ રે;**
**સ્વામી સીમંધર વિનતિ. "**

ઇત્યાદિ પ્રકારે કુગુરુઓ સંબંધી તીવ્ર પોકાર તેમણે પાડ્યો છે, ને સદ્ગુરુનો જ આશ્રય કરવાની ત્યાં ભલામણ કરી છે. પછી ત્યાં જ તેઓએ ધર્મનો મર્મ પ્રકાશ્યો છે કે-અહો ! તમે પારકે ઘેર ધર્મ જોતાં શું ફરો છો ? નિજ ઘરમાં જે ધર્મ છે તે કેમ જોતા નથી ? કસ્તૂરી મૃગ જેમ કસ્તૂરીના પરિમલનો મર્મ જાણતો નથી, ને બહાર શોધવા ફરે છે, તેમ તમે મિથ્યાદૃષ્ટિ અંધ બનીને બહાર ધર્મને શોધવા શું ફરો છો ? આ ધર્મ તમારા પોતાના આત્મામાં જ છે, બહાર નથી, માટે ત્યાંથી જ શોધો.

**" પરઘર જોતાં રે ધર્મ તુમે ફરો,**
**નિજ ઘર ન લહો રે ધર્મ;**
**જેમ નવિ જાણે રે મૃગ કસ્તુરીઓ,**
**મૃગમદ પરિમલ મર્મ-શ્રીસીમંધર "**

જેમ સ્ફટિક રત્નની નિર્મલતા એ જ એનો **સ્વભાવ-ધર્મ** છે, તેમજ જીવનો **સ્વભાવ** એ જ એનો ધર્મ છે. અને તે કષાય અભાવરૂપ નિર્મળ ધર્મ **વીર** ભગવાને પ્રકાશ્યો છે. જે જે અંશે નિરુપાધિકપણું, રાગ-દ્વેષ, મોહ-વિષય-કષાય આદિ ઉપાધિથી રહિતપણું, તે તે અંશે ધર્મ છે એમ તમે જાણો. અને તે ધર્મ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી માંડીને શિવસુખની પ્રાપ્તિ પર્યંત ઉત્તરોત્તર પ્રગટતા પામતો જાય છે.

**" જેમ નિર્મલતા રે રત્ન સ્ફટિકતણી,**
**તેમ જ જીવ સ્વભાવ;**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન ગીતા શતક.

( ગતાંક પૃષ્ઠ ૫૬ થી ચાલુ )

( મનહર છંદ. )

અવિરતિપણું ત્યાગી, અંતર થઇ વૈરાગી; સમતા સુખનાં રાગી, આતમાર્થી થઇએ;
આતમામાં ચિત્ત જોડી, મૂકી મન દોડાદોડી; કરમ બંધન તોડી, મુક્તિ પદ પામીએ;
કરમ વિપાક જેમ, ઉદયમાં આવે તેમ; વેદી એ સકામ ક્ષેમ, નિરજરા કરીએ;
જગત જંજાળ જોઇ, આતમાનું ભાન ખોઇ; રાગ દ્વેષ કરી કોઇ, આશ્રવ ન ગ્રહીએ. ૯
કરે ન કંઈ ઉપાધિ, અંતર રાખે સમાધિ; રહીને નિરપરાધી, પ્રવૃત્તિનાં યોગમાં;
સરખા નહિ સંજોગ, આવે વળી કદી રોગ; નિશ્ચલતા રાખી યોગ, લીન નહિં ભોગમાં;
કુટુંબ પાલન કરે, ભોગમાં ન ચિત્ત ધરે; અનાસક્ત ભાવે ફરે, જ્ઞાની જન લોકમાં;
ધર્મ અર્થ અને કામ, જાવા મુક્તિપુરી ધામ; ક્રિયા કરતાં તમામ, ધ્યેય રાખી લક્ષમાં. ૧૦
નિર્વિકલ્પ મૌન ગ્રહી, સમતા ભાવમાં રહી; ચિત્તમાંહી શાંતિ વહી, વિકલ્પોને વાળવા;
સંકલ્પવિકલ્પ પાણી, કરમોને લાવે તાણી; વીરની આગમ વાણી, વિકલ્પોને ટાળવા;
એકની તો એક વાત, વાણી પાડે જુદી ભાત; વીરવાણી સુણી ભ્રાત, વિકલ્પોને ખાળવા;
આગમનાં શિખરેથી, જ્ઞાન સરિતા વહેતી; ગુરુમુખ શ્રવણથી, સંયમને પાળવા. ૧૧
વીરતણી વાણી સુણી, લાગણીઓ થાય કુણી; આતમા અનંત ગુણા, પ્રગટ જણાય છે;
ગુરુ વિના જ્ઞાન નહિં, ગુરુ વિના ભાન નહિં; સદ્‌ગુરુ સંગ ગ્રહી, આગમ ભણાય છે;
નહિ નય ન્યાય જ્ઞાન, નહિં ગુણસ્થાન ભાન; કયાંથી થાય આત્મધ્યાન ? સ્હેજે સમજાય છે;
કર્યું હોય પુન્ય પૂરું, મળે આતમાર્થી ગુરુ; જ્ઞાન પ્રાપ્ત થાય ખરું, તત્વને પમાય છે. ૧૨
જડ જાણો જડ રૂપ, આતમા ચેતન ભૂપ; આતમ દ્રવ્ય અરૂપ, પ્રજ્ઞાથી પિછાણીએ;
ધરમ અધર્મ દ્રવ્ય, આકાશ ને કાળ દ્રવ્ય; ગુણ પરયાય દ્રવ્ય, શ્રુતથકી જાણીએ;
શબ્દ–રૂપ–રસ–ગંધ, સ્પર્શ જડનો સંબંધ; નિશ્ચયે આત્મા અબંધ, નય જ્ઞાન વાણીએ;
ચલન સ્થિરતા ગુણ, ધરમ અધર્મ સુણ; સ્હાયકારી બન્ને ગુણ, અરૂપી જ જાણીએ. ૧૩
જેહ આપે અવકાશ, તેહ અરૂપી આકાશ; પરિવર્તનાદિ કાળ, દ્રવ્ય એ છ માનીએ;
ષટ્ દ્રવ્ય નિત્ય જાણો, સ્યાત્ પદથી પિછાણો; અનેકાંતને વખાણો, પ્રરૂપ્યું જે જ્ઞાનીએ;
નામ અને સ્થાપના, દ્રવ્ય–ભાવ નિક્ષેપના; નય નિક્ષેપ રચના, ગુરુગમે પામીએ;
જીવાજીવ પુન્ય પાપ, આશ્રવ સંવર બંધ; નિરજરા અને મોક્ષ, નવતત્વ જાણીએ. ૧૪

---

**તે જિન વીરે રે ધર્મ પ્રકાશિઓ,**
**પ્રબળ કષાય અભાવ...શ્રી સીમંધર.**
**જે જે અંશે રે નિરુપાધિકપણું,**
**તે તે જાણો રે ધર્મ;**
**સમ્યગ્‌દૃષ્ટિ રે ગુણઠાણાથકી,**
**જાવ લહે શિવશર્મ...શ્રી સીમંધર. ”**

ઇત્યાદિ ઇત્યાદિ પ્રકારે શુદ્ધ ધર્મનો ઉદ્યોત કરી પ્રખર સમાજસુધારક તરીકે અને આદર્શ ધર્મઉદ્ધારક તરીકે આ પુરુષરત્ને સમાજની ને ધર્મની અનુપમ સેવા બજાવી છે. તેમના આ વચનો વર્તમાન જૈન સમાજને તો વિશેષે કરીને લાગુ પડે છે, ને તેને તે ઉપરથી ઘણો ધડો લેવા જેવું છે. ( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી વચનામૃતો

(લે૦ મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ અમદાવાદ.)

(૧) પોતાને માટે જે કાર્ય ન ગમતું હોય તેવા કાર્યની પ્રવૃત્તિ બીજાને માટે કરવી નહીં.

(૨) પોતાને જે પ્રિય હોય તેવી વસ્તુ ગમે ત્યાં અથવા ગમે તેની પાસે હોય તે જોઇને રાજી થવું પણ ઇર્ષ્યા કરવી નહીં.

(૩) મનમાં જે કાર્ય કરવાનો ઉત્સાહ થયો હોય તે કાર્ય કરવામાં મુહૂર્ત કે શુકન જોવાં નહીં.

(૪) કોઇ પણ જાતની મૂંઝવણમાં ડાહ્યા માણસની સલાહ લેવા નીકળવું તેના કરતાં આપણા મનને ડાહ્યું બનાવવું કે જેથી તે ગમે તે વખતે સલાહ આપી શકે.

(૫) કોઇ પણ માણસ આપણી પાસે કાંઈ વાત કહે. તે તેની વાત ઉપર લક્ષ રાખવા કરતાં તેની શારીરાદિક ચેષ્ટા પર વિશેષ ધ્યાન રાખવું.

(૬) નિંદાની બીકે નિંદિત કાર્ય કરવું નહિં.

(૭) શ્રદ્ધાની પ્રથમ જરૂર છે, તે વિના એકે વાત હૃદયમાં સ્થિર થઇ શકતી નથી. શ્રદ્ધામાં શ્રદ્ધાંતર થાય તો તેનું નામ શ્રદ્ધા કહેવાય નહિં.

(૮) વિચાર કરતાં ન સમજી શકાય તેવી વાત હોય તો તે ખોટી વાત છે, એમ માનવું નહિં.

(૯) જેટલું આપણે સમજી શકતા હોઇએ તેટલું જ સાંભળવું અને વાંચવું; કેમકે નહિ સમજાયેલી વાત ચિત્તને ક્ષોભ કરે છે.

(૧૦) વીતરાગે રાગદ્વેષનો ત્યાગ કરવો

---

શ્રુતજ્ઞાન લઇ સાર, વિશુદ્ધ આત્મવિચાર;
નિશ્ચય ને વ્યવહાર, ચક્ર બે રથના ધાર;
આતમામાં થઇ મગ્ન, સુમતિથી કરી લગ્ન;
હર્ષ શોક કાઢી બ્હાર, આનંદ ગ્રહી અપાર;
શાંત સુધારસ ધાર, વીરલા જે નરનાર;
આતમમંદિર દ્વાર, સંવર જ્યાં ચોકીદાર;
પાંચ મન ધારી યમ, પાળી દશમ નિયમ;
પ્રત્યાહાર ને ધારણા, સુધ્યાનતણાં પારણાં;
પરભાવથી રહિત, સ્વભાવમાં રહી સ્થિત;
ઉપયોગ એજ ધ્યાન, મનડાને કરી મ્યાન;
શુભથી અશુભ ટાળી, પછી દઇ તેને તાળી;
પત્નીગૃહ કાજ કરે, પતિમાંહી ચિત્ત ફરે;
જેહ જ્ઞાની જન ગુણી, કટુ વાણી કાન સુણી;
અપમાન કરે કોઇ, ગુણી જન તેહ જોઇ;
માયા છળ કરે નહિં, કરે તેને જાણે સહી,
કરે નહિં કદી લોભ, પરભાવે થાય ક્ષોભ,

સમજીને સારાસાર, મુક્તિ પંથે પડીએ;
પરમાર્થ પંથ પાર, સ્હેલાઈથી ચડીએ;
કરમથી થઇ નગ્ન, આત્મરતિ લઈએ;
પ્રેમ રસ ખોલી દ્વાર, અમીપાન કરીએ. ૧૫
પામે છે નસીબદાર, સુખમાં સોહાય છે;
આશ્રવનાં નહિં ભાર, આવી ત્યાં શકાય છે;
આસન ને પ્રાણાયામ, યોગ સિદ્ધ થાય છે;
જો બાંધવા વિચારણા, સમાધિથી થાય છે. ૧૬
ધ્યાનમગ્નતામાં પ્રીત, રાખો લક્ષ પ્રેમથી;
પ્રગટાવો આત્મજ્ઞાન, શુદ્ધિ રાખી ક્ષેમથી;
શુદ્ધ નિજરૂપ ભાળી, મુક્ત થવું તેમથી;
તેમ સાધક સંસારે, અનાસક્ત નેમથી. ૧૭
ક્રોધ અગનીની ધુણી, ક્ષમા જલે ઠારતા;
ઉદાસ ન થાય રોઇ, નમ્રભાવ ધારતા;
સરળતા ભાવ ગ્રહી, કપટને વારતા;
વૃત્તિ વડે નિરલોભ, સંતોષ વધારતા. ૧૮

(ચાલુ)

**અમરચંદ માવજી શાહ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ જ ધર્મ બતાવેલો છે. જે જે પ્રવૃત્તિમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી હોય ત્યાં ધર્મ નથી.

( ૧૧ ) અરિહંતની પૂજા કરનારે અરિહંત ઉપર પ્રેમ પ્રથમ ઉત્પન્ન કરવો જોઇએ. તે પ્રેમ દુનિયામાં ગમે તે ચીજના પ્રેમ કરતાં વધારે ઉત્તમ જોઇએ.

( ૧૨ ) ગુરુ-દર્શનથી અથવા તેમની દેશનાથી આપણને લાભ થવો જોઇએ અને તે જો ન થતો હોય તો દર્શનમાં કે સાંભળવામાં આપણી ખામી છે અથવા તો તે સ્થળ તે પ્રાપ્તિનું નથી એમ માનવું જોઇએ.

( ૧૩ ) દરેક વાત નિષેધના રૂપમાં બોલવા કરતાં પ્રતિપાદનના રૂપમાં બોલવી.

( ૧૪ ) ધર્મ સંબંધમાં વિવાદ ન કરતાં સંવાદ કરવો.

( ૧૫ ) કોઈ માણસને આપણા વિચાર તરફ ખેંચવો હોય તો આપણા વિચારો પ્રશંસા-પૂર્વક તેના મગજમાં ઠસાવવા પણ તેથી પ્રતિપક્ષી વિચારોનું ખંડન અથવા નિંદા કરવી નહીં.

( ૧૬ ) એક શિષ્ટ પુરૂષની પ્રશંસા એવા પ્રકારે ન કરવી જોઇએ કે જેથી બીજા શિષ્ટ પુરૂષોની નિંદા થઈ જાય.

( ૧૭ ) તીર્થોની પ્રશંસા કરતાં બીજા તીર્થોની ન્યૂનતા ન બતાવવી.

( ૧૮ ) જિંદગીમાં એવું એક ધર્મ અનુષ્ઠાન કરવું જોઇએ કે જે જિંદગીના છેડા સુધી ટકી શકે.

( ૧૯ ) મૂરખ આગળ અથવા તો બીજા ધર્મવાળા આગળ આપણા દેવગુરૂધર્મની પ્રશંસા એટલી હદ સુધી ન કરવી જેથી ઉશ્કેરાઈ જઇ તેને નિંદા કરવાનું મન થાય.

( ૨૦ ) આપણી શક્તિ અથવા તો પુન્ય ઉપરાંત જે ઇચ્છા થાય તે આપણા મનની નબળાઇ સમજવી. કોઇનું જોઇ તેવું થવાનું મન થાય તે પણ આપણા મનની નબળાઈ છે.

( ૨૧ ) અમુક કાર્ય અથવા અમુક પ્રવૃત્તિ ઉત્તમ છે એમ જો સમજાય તો તેમાં બીજાનો વાદ ન કરતાં આપણે કરી લેવું જોઇએ.

( ૨૨ ) શ્રૃંગાર કરતાં વૈરાગ્ય વધારે સ્વીકારવો.

( ૨૩ ) શૃંગાર ઉપાધિ વધારનાર છે. વૈરાગ્ય તેથી વિપરીત છે.

( ૨૪ ) આપણે સંસાર અને સંસારમાં રહેલા પદાર્થો ભૂલી જવાની જરૂર છે. તો જો સંસારમાં નવું નવું જોયા કરીએ તો તેથી સંસારના સ્મરણમાં વિસ્મૃતિ ન થતાં વધારો થાય છે.

( ૨૫ ) બાલ, યુવાન અને વૃદ્ધ એમ વ્યવસ્થા બદલાવાની સાથે આપણા વિચારો બદલાવા જોઇએ.

( ૨૬ ) જે કાંઇ ધર્મકાર્ય કરો તેનું રહસ્ય સમજવાની પહેલી ઇચ્છા રાખવી.

( ૨૭ ) જે કાર્ય કરવાના આપણે અધિકારી હોઇએ અને કરી શકીએ તેટલું જ માથે લેવું. નહિં તો આપણે વિશ્વાસઘાતી ગણાઇએ.

( ૨૮ ) પ્રભાત-કાળમાં ઊઠી ઉત્તમ પુરૂષોનાં નામ લેવા, નવકાર-મંત્રનો જાપ જપવો, પાર્શ્વનાથ ભગવાનની એક બાંધી નોકારવાલી ગણવી, વિચારો સારા રહે.

( ૨૯ ) ખુલ્લાં દાન કરતાં ગુપ્ત દાન વધારે ઉત્તમ છે.

( ૩૦ ) ધર્મકાર્યોમાં કારણો મેળવી રાજી ન થવું પણ તેથી કાર્ય થતું જોઇને આનંદ પામવો.

( ૩૧ ) ધર્મ કરવાને માટે અમુક વખતની ઇચ્છા ન રાખવી. રોજ બીજા કાર્યો સાથે તે પણ એક કાર્ય માની કર્યા જ કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૨ ) જેટલું પ્રમાણિકપણું આપણે રાજ્યદંડ કે દુનિયાની બીકે સાચવીએ છીએ તેના કરતાં પાપની બીકે વધારે સાચવવાનું મન થાય તેમ ટેવ પાડવી.

( ૩૩ ) આપણે મરવું છે ચોક્કસ અને મરીને કયાંય પણ જવાનું તો છે જ, તો કયાં જશું તેનો વિચાર કરવો.

( ૩૪ ) બીજાઓનાં દૂષણો જોવા કરતાં પહેલાં આપણાં દૂષણો જોવાં.

( ૩૫ ) અનીતિનું કામ કરવાથી ગમે તેટલો ફાયદો થતો હોય તો તે દેખીને રાજી ન થવું.

( ૩૬ ) ધર્મનાં અનેક કામ છતાં જેમાં આપણું ચિત્ત વધારે ચોંટતું હોય તે કાર્ય વિશેષ કરવું.

( ૩૭ ) જે હેતુથી જે ધર્મનું કામ કરવા ફરમાવેલ છે તે હેતુ જો ન સચવાતો હોય તો તે કામ ન કરવું.

( ૩૮ ) ટૂંકી દૃષ્ટિ રાખવાથી ઈર્ષાળુ થવાય છે.

( ૩૯ ) જે પોતામાં ન હોય તે પોતામાં મનાઈ જવાથી જ અહંકાર પેદા થાય છે.

( ૪૦ ) મરજી વિરુદ્ધ જોવાથી કે સાંભળવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે.

( ૪૧ ) દરેકની ઇચ્છા જુદી જુદી હોય છે. બીજાની ઇચ્છા ઉપર આપણે દ્વેષ કરીએ તો આપણી ઇચ્છાને માટે પણ તેમજ બને.

( ૪૨ ) જે કુળમાં અને જે ધર્મમાં ઉત્પન્ન થયા હોઈએ તેની નામનિશાની પોતાના કુળમાંથી બીલકુલ નાશ કરવી નહીં. નહીં તો ઈતિહાસમાં ગોટાળો વળે.

( ૪૩ ) આપણાં બાળકને આપણા અનુભવની કેળવણી જરૂર આપી જવી. તે જેટલી ઉપયોગી છે, તેટલી બીજી કેળવણી નથી.

( ૪૪ ) માણસની જિંદગીનો અમુક ભાગ પરલોકનાં સાધનને વાસ્તે અવશ્ય રાખવો જોઇએ.

( ૪૫ ) જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો જોઈએ.

( ૪૬ ) આપણી રીતિ અજ્ઞાનીઓની રીતિથી જુદી પડતી જાય અને જ્ઞાનીઓની રીતિ સાથે મળતી જાય તેમ ધ્યાન રાખવું.

( ૪૭ ) આપણા વિચારોમાં કેટલો ફેર પડ્યો ? વિચારોમાં વધારો થયો કે ઘટાડો ? તેની વર્ષ આખરે તપાસ કરવી જોઇએ.

( ૪૮ ) આપણા હૃદયને જે કાર્ય શુદ્ધ લાગતું હોય તે ન કરવાને માટે કોઇની સીફારસ માનવી નહીં.

( ૪૯ ) જે પરમેશ્વરનું નામ આપણે લઇએ છીએ તે એક દિવસે આપણી જેવા હતા, તો આપણે તેમના જેવા શું કામ ન થઇ શકીએ ?

( ૫૦ ) શાસ્ત્રો વાંચવાં કે સાંભળવાં, તેમાં આપણે આપણને જેટલું અનુકૂળ હોય તેટલું ગ્રહણ કરી લેવું.

( ૫૧ ) પાપનું કામ જાણ્યા પછી જો આપણે તે કરીએ તો વધારે નિર્દયતા ગણાય.

( ૫૨ ) પુન્ય બંધ કરતાં કર્મ ક્ષયને વધારે ઇચ્છવો.

( ૫૩ ) એક આંખમાં પ્રીતિ અને એક આંખમાં ભીતિ, એક આંખમાં અમી અને એક આંખમાં ઉગ્રતા, ધર્મી પાસે ધર્મીને જતાં આનંદ થાય. પણ ધર્મના વિરોધીને તો પોતાનાં ધર્મ વિશેષરૂપ પાપનો ભય રહેવો જ જોઇએ.

( ૫૪ ) વિષયવિકાર, એ એવી લોભાવનારી વસ્તુ છે કે જેમ બને તેમ વિષય વૃત્તિને તાજી કરનારાં નિમિત્તોથી પણ માણસે દૂર રહેવાના જ પ્રયત્નમાં રહેવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ........વર્તમાન સમાચાર........

### ગુજરાંવાલા (પંજાબ.)

કાર્તિકી પુનમ શ્રી સિદ્ધાચળજીના પટ્ટનો દર્શન મહોત્સવ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીની જન્મજયંતિ.

પૂજ્યપાદ આચાર્યશ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી શ્રી સંઘની સાથે શ્રી આત્માનંદ જૈન ભુવનમાં શ્રી સિદ્ધાચળજી તીર્થનાં પટ્ટના દર્શનાર્થે પધાર્યા હતા અને વંદના વિધિવિધાનપૂર્વક કરી હતી.

શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ( પંજાબ )નાં પ્રીન્સીપાલ પંડિત રામરૂપામલજીની અધ્યક્ષતામાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાનની જન્મ-જયંતિ સમારોહપૂર્વક ઉજવવામાં આવી હતી.

આચાર્યશ્રીજી અને પંન્યાસ શ્રી વિકાસવિજય-જીએ શ્રી હેમચંદ્રાચાર્ય અને પરમાર્હત્ મહારાજા કુમારપાળનાં વિષયમાં સુંદર પ્રકાશ પાડ્યો હતો.

પંન્યાસ સમુદ્રવિજયજીએ આજકાલની પરિસ્થિતિ વિષે વિવેચન કરતાં જણાવ્યું હતું કે શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાન જેવા ગુરૂદેવ અને પરમાર્હત્ મહારાજા કુમારપાળ જેવા રાજા હોત તો આજે જે પરિસ્થિતિ બંગાલાદિની થઇ રહી છે તે કદાપિ ન થાત. જેઓ આવા ભયંકર સંકટમાં સપડાઇ ગયા છે તેવાઓને તન, મન, ધનથી મદદ આપી ઉગારી લેવાનું દરેકે દરેક મનુષ્યનું કર્તવ્ય છે.

જે જે જ્ઞાતિનાં હિન્દુઓને બળાત્કારે મુસલમાન બનાવવામાં આવ્યા છે તે તે જ્ઞાતિનાં આગેવાનો, નેતાઓ અને ગુરૂઓને તેમજ લાગતાવળગતાઓને મારી ભારપૂર્વક જબરદસ્ત ભલામણ છે કે તેઓને સમજાવી, મદદ આપી પાછા પોતપોતાની જ્ઞાતિમાં ભેળવી લેવા જોઇએ. જો આમ કરવામાં તેઓ પાછા પડશે તો પાછળથી પસ્તાશે કેમકે જેઓ ગાયરક્ષક હતા તેઓ ગાયભક્ષક અને હિન્દુત્વના નાશક બનશે.

પંડિત રામાલાલજી અને ગુરૂકુળના વિદ્યાર્થીઓ અને અધ્યક્ષ-મહાશયનાં સુંદર પ્રસંગોચિત વિવે-ચનો થયા હતા.

### સીઆલકોટમાં પ્રતિષ્ઠા અને દીક્ષા.

પંજાબના પ્રસિદ્ધ ઔદ્યોગિક નગર સીઆલ-કોટમાં પૂજ્યપાદ આચાર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરી-શ્વરજી** મહારાજનું સં. ૧૯૯૭ નું એક ઐતિહાસિક ચોમાસું થએલ કે જેમાં આચાર્યમહારાજના સદુ-પદેશથી જૈનો સિવાય અનેક જૈનેતર ભાઇઓ પણ જૈનધર્મના પરમ અનુરાગી થયાં. આવા મોટા શહે-રમાં શ્રાવકો માટે પ્રભુપૂજનનું કાંઇ પણ સાધન નહીં હોવાથી આચાર્યદેવના સદુપદેશથી શ્રીજિનમંદિરની નીંવ નાંખવામાં આવી અને પાંચ છ વર્ષમાં સકલ-શ્રીસંઘના સહકારથી બે માળનું ગગનચુમ્બી એક ચોમુખ ભવ્ય દેરાસર તૈયાર થયું, જે જમીનની તેહથી શિખર સુધી ૧૦૨ ફીટ ઊંચું છે. તેની પ્રતિષ્ઠા આચાર્યશ્રીજીના વરદ હસ્તે વિ. સં. ૨૦૦૩ ના માગસર સુદિ ૫ શુક્રવાર તા. ૨૯–૧૧–૪૬ ના રોજ છાયા લગ્નના શુભ મુહૂર્તમાં મોટા સમારોહપૂર્વક કરવામાં આવી છે. પહેલા મંજીલમાં ચાર શાશ્વતી જિનપ્રતિમાઓ ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાનસ્વામી ભગવાનની અને બીજા મંજીલમાં શ્રીશાંતિનાથસ્વામિની ચૌમુખી પ્રતિમા તખ્તનશીન કરવામાં આવી છે. તેમજ પૂજ્યપાદ બુટેરાયજી મહારાજ તથા શ્રી મૂલચંદજી મહારાજ અને શ્રી આત્મારામજી મહારાજની ધાતુમયી પ્રતિમાઓ બિરા-જમાન કરવામાં આવી છે.

જો કે આજકાલની આવી કટોકટીની પરિસ્થિ-તિમાં વરઘોડો કાઢવામાં અનેક વિઘ્નો ઉપસ્થિત થયા હતા, પરંતુ પૂજ્ય આચાર્યદેવના પ્રતાપથી તથા અત્રેના હિન્દુ તેમજ મુસલમાન-ભાઇઓ અને ખાસ કરીને ખત્રી મદનલાલજીના પરિશ્રમથી એવં રા. રા. અંગ્રેજ બહાદુર પોલિસ કપ્તાન સાહેબ અને શ્રીમાન્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબની મહેરબાનીથી પ્રભુને ચાંદીના રથમાં બિરાજમાન કરી શ્રીજિનમંદિરજીથી બપોરના બાર વાગે રથયાત્રાનો શાનદાર વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો.

ચૌમુખ બજારમાં અત્રેના રહીશ રાવસાહેબ લાલા કરમચંદજી અગ્રવાલ ઑનરરી મેજીસ્ટ્રેટ તરફથી સહુને ચાપાર્ટી અને પંચમેવાની પ્રભાવના આપવામાં આવી હતી.

છઠ્ઠના રોજ શાંતિસ્નાત્ર પૂજા અને સાતમના બૃહદ્દસ્નાત્ર પૂજા ભણાવવામાં આવી હતી. પ્રતિષ્ઠાદિની સર્વ ક્રિયા શેઠ ફુલચંદભાઇ વળાદવાળાએ કરાવી હતી.

આ પ્રસંગે દેશદેશાંતરથી હજારો ભાઇ બ્હેનો આવ્યા હતા. આ મંદિરના નિર્માણમાં અને પ્રતિષ્ઠાના કાર્યમાં સ્થાનિક શ્રીસંઘને ગુજરાંવાલા નિવાસી લાલા કપૂરચંદજીએ બહુ પરિશ્રમ વેઠી અપૂર્વ સેવા આપી છે તેમજ અત્રેના હિન્દુ અને મુસલમાનભાઇઓએ પણ બહુ સહકાર આપ્યો છે. અને પ્રતિષ્ઠાના દિવસોમાં સર્વ વ્યવસ્થા ગુજરાંવાળાના શ્રીસંઘે જાળવી હતી. તે બદલ તેઓ સહુ ધન્યવાદને પાત્ર છે.

## દીક્ષા મહોત્સવ.

લુધીઆનાનિવાસી મર્હુમ લાલા પન્નાલાલજીના ધર્મપત્ની અને ગુજરાંવાલાનિવાસી લાલા મોતીલાલજીની સુપુત્રી પ્રકાશવંતી બ્હેનને મોટા સમારોહપૂર્વક પૂજ્યપાદ આચાર્યદેવના વરદ હસ્તે સુદિ ૭ રવિવારના રોજ દીક્ષા આપવામાં આવી છે. સાધ્વીજી શ્રી દમયંતીશ્રીજીની શિષ્યા કરવામાં આવેલ છે અને નામ પ્રકાશશ્રીજી રાખવામાં આવેલ છે. દીક્ષા લેનાર બ્હેને પોતાના દાગીના જે લગભગ આઠ દસ હજારની કીંમતના હતા તેમાંથી અડધી રકમ પોતાના સંસારી જેઠને આપેલ અને અડધી રકમ જુદા જુદા ધાર્મિક ખાતાઓમાં વાપરી છે.

પ્રતિષ્ઠાના રોજ મુંબઇનિવાસી શેઠ ફુલચંદ શામજી તરફથી અને દીક્ષાના રોજ દીક્ષા લેનાર બાઇ તરફથી તેમજ બાકીના દિવસોમાં સ્થાનિક સંઘ તરફથી સ્વધર્મીભક્તિ કરવામાં આવી હતી.

મહોત્સવની પૂર્ણાહૂતિમાં જીવદયા ખાતે રૂા. ૧૭૦૦) થયા જેમાંથી અત્રેની ગૌશાળામાં આપવામાં આવેલ છે અને દીનદુખીઓને મદદ આપવામાં આવેલ છે. ( મળેલું )

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી પૂજ્ય મહાત્માશ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ અંગે માગશર વદ ૬ ના રોજ દાદા સાહેબ જીનાલયમાં સવારે પૂજા ભણાવી જયંતિ અંગે યોગ્ય પ્રવચનો શ્રીયુત વલ્લભદાસભાઇ ત્રીભોવનદાસ ગાંધી વિગેરેના થયા હતા. રાત્રિના આંગી રચના કરાવવામાં આવેલ. જયંતિ ઊજવવા તળાજા જવાનો ઠરાવ છે. પરંતુ મોંઘવારી તેમજ કેટલાક કારણોસર આ વર્ષે તળાજા જવાનું બંધ રાખવામાં આવ્યું હતું.

## સાભાર સ્વીકાર.

૧ **શ્રી સ્તવન સઝઝાય સંગ્રહ:** મૂલ્ય ૦-૨-૬ સંગ્રાહક, શ્રીમદ્ વિજય લલિતસૂરિજી મહારાજ તરફથી ભેટ મળેલ છે.

૨ **શ્રી સુભાષચન્દ્ર બોઝ:** કીં. રૂા. ૨-૯-૦

૩ **ઝાંસીની રાણી ઝીન્દાબાદ** કીં. રૂા. ૨-૮-૦

૪ **પારકા ઘરની લક્ષ્મી:** કીં. રૂા. ૩-૮-૦

ઉપરના ૨ થી ૪ ત્રણ પુસ્તકો પ્રકાશક શ્રી ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ, તરફથી ભેટ મળ્યાં છે. ગ્રંથો પઠનપાઠન કરવા લાયક છે.

૫ **રત્ન જ્યોતિ: લેખક અને પ્રકાશક, પ્રભુદાસ બેચરદાસ** પારેખ. કિંમત અમૂલ્ય.

૬ **જૈન શાસ્ત્રોં કી અસંગત બાતેં:** લેખક **વચ્છરાજ સિંઘી** પ્રકાશક બાલચન્દ નાહટા, કલકત્તા કીંમત ૧-૪-૦ પ્રકાશક તરફથી ભેટ મળી છે.

૭ **આળાં હૈયાં:** પ્રકાશક, હરગોવનદાસ રામજી તરફથી ભેટ મળી છે.

૮-૧૦ **અચલગઢ, હમ્મીરગઢ, રાજા શ્રીપાળ** કીંમત ૧-૪-૦, ૦-૬-૦ અને ૦-૮-૦ **શ્રી યશોવિજયજી જૈન ગ્રન્થમાળા તરફથી ભેટ મળી છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સન્માન સમારંભ

અમારી સભાના પેટ્રન સાહેબ અમદાવાદનિવાસી ( હાલ મુંબઇ ) શેઠશ્રી બબલચંદ કેશવલાલ મોદી અત્રે પધારતા તેમને માનપત્ર આપવાનો મેળાવડો માગશર વદિ ૦)) ના રોજ બપોરના ચાર કલાકે શ્રી. ભોગીલાલ લેકચર હૉલમાં શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. જે સમયે સભાના સભાસદો ઉપરાંત આમંત્રિત ગૃહસ્થો સારા પ્રમાણમાં હાજર રહ્યા હતા.

શરૂઆતમાં સભાના સેક્રેટરી શ્રી જાદવજીભાઇ ઝવેરભાઇએ આમંત્રણ પત્રિકા વાંચ્યા બાદ સભાના પ્રમુખ શ્રી. ગુલાબચંદભાઇ આણંદજીએ શેઠશ્રી ભોગીલાલભાઇનો ટૂંક પરિચય આપી પ્રમુખ તરીકેની દરખાસ્ત મૂકી હતી જેને સભાના ટ્રેઝરર શેઠ અમૃતલાલભાઇ છગનલાલે ટેકો આપ્યો હતો.

ત્યારબાદ સભાના સેક્રેટરી શ્રી. વલ્લભદાસભાઇ ત્રિભુવનદાસ ગાંધીએ જણાવ્યું કે મેળાવડાના પ્રમુખ શેઠશ્રી ભોગીલાલભાઇનો પરિચય આપવો તે સોનાને ઢોળ ચઢાવવા જેવું છે; કારણકે તેઓશ્રી ગુજરાતના વતની હોવા છતાં આપણામાં એવા ઓતપ્રોત થઇ ગયા છે કે તેઓ જાણે કે ભાવનગરી જેવાજ થઈ ગયા છે. તેમની ઉદારતા સંબંધી વિવેચન કરતાં જણાવ્યું કે તેઓએ પ્રજાહિતનાં અનેક કાર્યો કરવા ઉપરાંત રાજ્યનો પણ તેટલોજ ચાહ મેળવ્યો છે. ભાવનગરની કોઇપણ જાહેર સંસ્થા તેમના સહકાર વગરની નહિ હોય. આ રીતે આજના મેળાવડાના આપણને યોગ્ય પ્રમુખ મળ્યા છે તે સુયોગ્ય જ થયું છે.

ત્યારપછી તેઓએ શેઠ શ્રી બબલચંદભાઇનો પરિચય આપતાં જણાવ્યું કે તેઓ કૃષિકાર, ઉદ્યોગપતિ અને સાક્ષર પણ છે. તેમના પિતા અમદાવાદના બાહોશ ધારાશાસ્ત્રી હતા અને આપણા પવિત્ર તીર્થ શ્રી સમેતશિખરજીની લડત માટે વિલાયત પણ ગયા હતા જેમાં તેમણે સફળતા મેળવી હતી. આ રીતે બાહોશ ધારાશાસ્ત્રીના તેઓ એક વાણિજ્યશાસ્ત્રી પુત્ર છે. શ્રી બબલચંદભાઇએ માત્ર વીશ વર્ષની વયે 'તરંગવતી' જેવા ગ્રંથનું સંપાદન કાર્ય કરેલ, જે તેમની સાહિત્યભક્તિ અને વિદ્વત્તા સાબિત કરે છે. માત્ર તેઓ એક કુશળ વેપારી છે એટલું જ નહિ પણ રાષ્ટ્રિય હિત તથા હરિજન પ્રવૃત્તિમાં પણ સારો રસ ધરાવે છે. તે ઉપરાંત સભાના સાહિત્ય પ્રકાશન સંબંધી વિસ્તારથી સુંદર ભાષામાં પરિચય આપ્યો હતો.

ત્યારબાદ સેક્રેટરી શ્રી. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહે માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. જે શ્રી. ભોગીલાલભાઇના મુબારક હસ્તે શેઠશ્રી બબલચંદભાઇને ચાંદીના કાસ્કેટમાં એનાયત કરવામાં આવ્યું હતું. બાદ શ્રી ભોગીલાલભાઇએ પોતાનું પ્રમુખ તરીકેનું વક્તવ્ય રજૂ કર્યું હતું. જેમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે લાયક ગૃહસ્થને લાયક માન અપાય તે ઉચિત જ છે. શ્રી. બબલચંદભાઈમાં વિદ્વત્તા તથા સંપત્તિનો સુયોગ છે અને તેઓશ્રી અનેક સંસ્થાઓમાં હોદ્દો ધરાવી સેવા આપી રહ્યા છે.

બાદ શ્રી. બબલચંદભાઇએ જવાબમાં જણાવ્યું કે—

મેં ઘણા ગૃહસ્થોને માનપત્રો આપ્યા છે; માનપત્ર લેવાનો મારા જીવનમાં આ પહેલો જ પ્રસંગ છે. માનપત્ર સ્વીકારવું એ ઘણીજ જવાબદારીનું કાર્ય છે. જેને કાર્ય કરવું છે, મૂકભાવે સેવા જ કરવી છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પ્રગતિના પંથે આગેકૂચ કરવી છે તેને માટે માનપત્ર એક આડખીલીરૂપ છે, તેનાથી તેનો વિકાસ રૂંધાય છે. પ્રશંસાને પચાવવી એ ખરેખર દુષ્કર છે. હું તો અહિં આપ સર્વની સમક્ષ એ માટે ઊભો થયો છું કે મેં હિંદુસ્તાનમાં પરિભ્રમણ કર્યું છે તેના અનુભવોના વિચારોની આપ સજ્જનોની સમક્ષ આપલે કરૂં.

સભાનું કાર્ય સારું છે, પ્રશંસનીય છે, પણ હું એક દિશાસૂચન કર્યા વગર નહિ રહી શકું. ફક્ત સારાં પ્રકાશનો કરવાથી સંતોષ ન માનશો. પ્રાચીન પુસ્તકો મોટા પ્રમાણમાં પ્રકાશમાં આવ્યા છે અને આવી રહ્યા છે, પરંતુ ૧૩૦૦ થી ૧૭૦૦ ના ગાળાના પુસ્તકો પોતાનો ઉદ્ધાર માગી રહ્યા છે. તેને પ્રકાશમાં લાવવા સૂચન કર્યું હતું.

'વસુદેવ હિંડી' એક એવો અપૂર્વ ગ્રંથ છે કે જેનાં વર્ણન માટે મારી પાસે શબ્દો નથી. તે એક એવી ઉચ્ચ કોટિનો ગ્રંથ છે કે જેને ફક્ત જૈન સમાજ જ નહિ, પણ ઇતર સમાજ પણ પોતાના તરીકે અપનાવી શકે. આ યુગમાં પુસ્તકોને પ્રકાશમાં લાવવા તે ઉચિત તો છે જ. પણ આપણે પોતે આપણી જાતને પણ પ્રકાશમાં લાવવાની ખરી અગત્ય છે. છેલ્લા સેન્સસ રિપોર્ટમાં પાંત્રીશ હજારની જૈન વસ્તીવાળું ફક્ત એકજ શહેર છે, એક હજારની સંખ્યાવાળા ફકત ચૌદજ શહેર છે, જ્યારે બાકીના શહેરો તેનાથી ઓછી વસ્તીવાળા છે. અને આપણી સંખ્યા ફકત પંદર લાખની છે. આ સ્થિતિ કોઇપણ રીતે નભી શકે તેવી નથી.

કોઇપણ કાર્ય પૈસા વગર અટકતું નથી ને પૈસા મેળવવા માત્રથી પૂરું થતું નથી. કોઈપણ સંસ્થાના કાર્યને દીપાવવા માટે ઉત્સાહી કાર્યકરોની જ જરૂર છે. એક ગૃહસ્થ પાસે પચાશ લાખ રૂપિઆ હોય તે એક મીલ કરી શકશે, પણ ચલાવી નહિ શકે. કારણ કે જો તે તેનો આત્મા બનશે એટલે કે કાર્યકર બનશે તો જ મીલનું ભૂંગળું વાગી શકશે.

દુનિયાભરના કોઇપણ ધર્મ કરતાં જૈન ધર્મ વિશિષ્ટ છે, કારણ કે તે બુદ્ધિગ્રાહ્ય છે. બુદ્ધિના પાયા પર તેની રચના થઇ છે. બાળજીવ પણ સમજી શકે તેવી ભાષામાં તેના આગમોની રચના થઇ છે તેમાં આપણને એમ ફરમાવવામાં નથી આવ્યું કે ભગવંતોએ કહ્યું છે માટે સ્વીકારી લ્યો, ગણધરોએ પ્રરૂપ્યું છે માટે માથે ચઢાવી લ્યો. પૂર્વપુરુષોએ તો શંકાઓનું સમાધાન કર્યું છે અને એ રીતે બુદ્ધિની એરણ પર કસાઇને જૈનધર્મ શુદ્ધ કાંચનસમ બનેલો છે. આવા ધર્મના અનુયાયી હોવું એ ખરેખર જીવનનો અમૂલ્ય લહાવો છે.

છેવટે પરસ્પર આભાર માની હારતોરા એનાયત થયા પછી દુગ્ધપાનને ઇન્સાફ આપી મેળાવડો વિસર્જન થયો હતો.

આ પ્રસંગે અ. સૌ. ચંચળબેન ભોગીલાલભાઇ, અ. સૌ. વસુમતી બબલચંદભાઈ તથા અ. સૌ. મધુમતી રમણીકલાલભાઇના નામો સભાના પહેલા વર્ગના લાઇફ મેમ્બર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री चिंतामणि पार्श्वनाथाय नमः ॥

# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગરનો

## ૫૦ મા વર્ષનો—

# રિપોર્ટ.

( સંવત ૨૦૦૨ ના કારતક શુદ ૧ થી આશો વદિ ૦)) સુધી. )

**સુજ્ઞ બંધુઓ અને બ્હેનો !**

**આ** સભાનો આ ૫૦ પચાસમા વર્ષનો રિપોર્ટ, આવક, જાવક, હિસાબ સર્વ કાર્યવાહી સાથે આપની સમક્ષ રજુ કરતાં અમો સેક્રેટરીઓને આનંદ થાય છે. ગુરૂદેવની કૃપા, અનેક બંધુઓના સહકાર અને સહાયવડે દિવસાનુદિવસ દરેક કાર્યમાં આ સભા પ્રગતિ કરી રહી છે. આ સંસ્થાથી વય વધતા તેનું ગૌરવ, પ્રતિષ્ઠા વધતી જાય છે, તેમ તેમ સાહિત્ય, દેવગુરૂભક્તિ, બંને પ્રકારથી કેળવણીને ઉત્તેજન વગેરે આત્મ કલ્યાણના કાર્યો અને તેમને માટે નવા નવા મનોરથો પણ વધતા અને તે પુર્ણ થતાં જાય છે. હવે તે એકાવનમા વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે, વગેરે હકીકતો આપ સમક્ષ નિવેદન રજુ કરતાં હર્ષ પામીયે છીએ.

**સ્થાપના:**—સં. ૧૯૫૨ નાં દ્વિતીય જેઠ સુદી ૨ ના રોજ પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી મહારાજની ગુરૂભક્તિ અને સ્મરણ નિમિત્તે ( ગુરૂદેવના સ્વર્ગવાસ પછી પચ્ચીશમે દિવસે ) આ સભાનું સ્થાપન કરવામાં આવ્યું છે.

**ઉદ્દેશ**—જૈન બંધુઓ અને બ્હેનો ધર્મ સંબંધી ઉચ્ચજ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, બંને પ્રકારની કેળવણીની વૃદ્ધિને માટે સ્કોલરશીપ વગેરેથી યથાશક્તિ સહાય કરવા, પૂર્વાચાર્ય મહારાજકૃત પ્રાકૃત, સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં ઉચ્ચ કક્ષાના સાહિત્ય પ્રકાશન અને બને તેટલી ઉદારતાથી તેનો બ્હોળો પ્રચાર કરવા અને ભેટ આપવા, વિવિધ સાહિત્યના ગ્રંથોનો સંગ્રહ કરી એક જ્ઞાનમંદિર કરવા અને ફ્રી લાયબ્રેરી મફત વાંચન પૂરું પાડવા, પુણ્ય પ્રભાવક, દાનવીર, વગેરે જૈન બંધુઓનો યોગ્ય સત્કાર કરવા, વગેરેથી સ્વપર આત્મકલ્યાણ કરવાનો છે.

**બંધારણ**—૧ પેટ્રન સાહેબો, ૨–૩–પહેલા અને બીજા વર્ગના લાઇફ મેમ્બરો અને ૪ વાર્ષિક સભાસદો મળી ચાર પ્રકારે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગયા વર્ષની આખર સુધીમાં ૨૭ પેટ્રન સાહેબો થયેલા છે તેઓશ્રીની નામાવળી.

૧ શેઠ સાહેબ ચન્દુલાલ સારાભાઇ મોદી બી. એ.
૨ રાવસાહેબ શેઠશ્રી કાન્તીલાલ ઇશ્વરલાલ જે. પી.
૩ શેઠ સાહેબ માણેકચંદ જેચંદભાઇ
૪ ,, નાગરદાસ પુરૂષોત્તમદાસ
૫ ,, રતિલાલ વાડીલાલ
૬ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી.
૭ ,, કાન્તીલાલ બકોરદાસ
૮ રાવબહાદુર શેઠશ્રી નાનજીભાઇ લધાભાઇ
૯ શેઠ સાહેબ ભોગીલાલભાઇ મગનલાલ
૧૦ ,, શ્રી રતિલાલભાઇ વર્ધમાન
૧૧ ,, શ્રી પદમશીભાઇ પ્રેમજી
૧૨ ,, શ્રી રમણિકલાલ ભોગીલાલભાઇ
૧૩ ,, શ્રી મોહનલાલ તારાચંદ
૧૪ શેઠ શ્રી જાદવજી નરસીદાસ
૧૫ ,, શ્રી ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૬ ,, શ્રી ચંદુલાલ ટી. શાહ
૧૭ ,, શેઠ સાહેબ શ્રી રમણિકલાલ નાનચંદ
૧૮ ,, શ્રી દુર્લભદાસ ઝવેરચંદ
૧૯ ,, શ્રી દલીચંદ પુરૂષોત્તમદાસ
૨૦ ,, શ્રી ખાંતિલાલ અમરચંદભાઇ
૨૧ રાવબહાદુર શ્રી જીવતલાલભાઇ પ્રતાપસી
૨૨ શેઠ સાહેબ શ્રી અમૃતલાલભાઇ કાલીદાસ
૨૩ ,, શ્રી ખુશાલભાઈ ખેંગારભાઇ
૨૪ ,, શ્રી કાન્તીલાલ જેશીંગલાલ
૨૫ ,, શ્રી બબલચંદભાઇ કેશવલાલ મોદી.
૨૬ ,, શ્રી ચંદ્રકાન્તભાઈ ઉજમસી
૨૭ ,, શ્રી પુંજાભાઇ દીપચંદ

**૧ પેટ્રન સાહેબો**—આ સભાની ઉત્તમ અને પ્રમાણિક કાર્યવાહીની નોંધ, વહીવટ વગેરે દર વર્ષેજ રિપોર્ટદ્વારા સર્વ પ્રગટ કરવામાં આવતું હોવાથી, ભંડોળ નાણાં જામીનગીરીમાં રહેતાં હોવાથી, જૈન શ્રીમંત અને વિદ્વાન બંધુઓ, ધર્મવીરો, જૈન નરરત્નો, પ્રતિષ્ઠિત પુણ્ય પ્રભાવક પુરૂષો, આ સભાનું પેટ્રન ( મુરબ્બી પદ ) હોંશે હોંશે સ્વીકારે છે. તેઓશ્રીને કેટલાક આગલા ગ્રંથો સિલીકમાં હોય તે પણ ભેટ અપાય છે. અને તેઓશ્રીને હવે પછી પ્રકટ થતાં નવા સાહિત્યના ઉંચા પ્રકારનાં અનેક ગ્રંથો ભેટ પણ સભા આપે છે આત્માનંદ પ્રકાશમાં ફોટા સાથે જીવનવૃત્તાંત તે જ વખતે આપવામાં આવે છે. ધારા પ્રમાણે ઓઇલ પેઇન્ટીંગ ફોટો સભાના વિશાળ મકાનમાં સ્થાપિત કરવામાં આવે છે. વગેરે કારણોથી આ બે વર્ષમાં પેટ્રન સાહેબોની સંખ્યામાં વૃદ્ધિ થઇ છે.

---

**૨ પ્રથમ વર્ગના લાઈફ મેમ્બરો ૧૯૯–અને બીજા વર્ગના લાઇફ મેમ્બરો ૩૩૦ છે.** અને આ બે વર્ગોના સભ્યોને ઉદારતાથી પ્રકાશન ગ્રંથો ભેટ બીજા આત્મિક લાભ સાથે પણ આર્થિક લાભ સુંદર વાંચન સાથે આપવામાં આવે છે. તે સમજી, જાણી, વાંચી દર વર્ષે અનેક જૈન બંધુઓની તે બંને વર્ગોમાં વૃદ્ધિ થતી જાય છે. અત્યારે છાપકામના તમામ સાધનોની મોંઘવારી વધતી જતી હોવા છતાં મ્હોટો ખર્ચ થતાં નીચે જણાવ્યા પ્રમાણે તેમાં જતી ખોટને લઇને અત્યારે મુશ્કેલી હોવા છતાં તે બંને પ્રકારના સભાસદોને ધારા પ્રમાણે આગલી છપાયેલ કેટલીક અને સભાસદ થયાં પછીના સર્વ નવા નવા સુંદર ગ્રથો ભેટ અપાયે જાય છે. લાઇફ મેમ્બરોના આ બે વર્ગો ભેટના ધારવા પ્રમાણે બીજી કોઇ સંસ્થામાં નથી તેમ તે તે વર્ગોના સભાસદોને ભેટો આ સભાની જેમ કોઇ આપી શકતું નથી.

હકીકત એ છે કે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોનું ( રૂા. ૧૦૧ ) નું વ્યાજ વર્ષે એજ રૂપીયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતું હોવા છતાં હાલ વિશેષ મોંઘવારી છાપવાનાં કામમાં વધેલી હોવાથી સભા તરફથી છપાતાં સીરીઝનાં ગ્રંથોની લડાઇ પહેલાં અને દરમ્યાન લેવાયેલી એક હજારની રકમના હાલ ત્રણ હજાર, બે હજારની રકમનાં છ હજાર, ત્રણ હજારની લેવાયેલ રકમનાં નવ હજાર તે તે ગ્રંથોમાં ખર્ચ થતો હોવાથી ( વિશેષ રકમ સભાને ઉમેરવી પડે છે છતાં ) ધારા પ્રમાણે પ્રથમ વર્ગનાં લાઇફ મેમ્બરોને ગમે તેટલી કિંમતના ગ્રંથો ફ્રી અને બીજા વર્ગના લાઇફ મેમ્બરને બે રૂપીયા સુધીના કોઇપણ ગ્રંથ ભેટ અને વધારાની કિંમતના ગ્રંથની કિંમતમાંથી બે રૂપીયા ભેટના બાદ કરી બાકીની કિંમત લઇ ભેટ અપાય છે. વાંચકો જોઇ શકશે કે તેવી ઉદારતા ( મુશ્કેલી હોવા છતાં ) ભેટના ગ્રંથો માટે આ સભા ધરાવે છે. હાલમાં થોડા વખતમાં પ્રસિદ્ધ થતાં શ્રી વીર પ્રભુના સમયની મહાદેવીઓ, શ્રી સંઘપતિ ચરિત્ર સુમારે બંનેની કિંમત રૂા. ૯ાા)ના ધારામુજબના ગ્રંથો ભેટ સભાસદોને મળશે. આ સભામાં લાઇફ મેમ્બરોની જે વૃદ્ધિ થઇ રહી છે તે તેના કારણો ઉપર બતાવ્યા પ્રમાણે ભેટનો સારો લાભ મળે છે તે પણ છે.

*ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરોનો વર્ગ ઘણા વર્ષો પહેલાં હતો તે કમી કરવામાં આવેલ છે, તેમાં સાત સભ્યો છે.

૪ **વાર્ષિક સભ્યો,** ૪૦ ચાલીશ છે. તેમને આત્માનંદ પ્રકાશ માસિક તેના અંગેની ભેટની બુક સાથે અપાય છે અને આત્માનંદ પ્રકાશ સર્વ સભાસદોને પણ ભેટ અપાય છે. જેથી ગયા વર્ષ સુધી ઉપરના સર્વ વર્ગોમાં મળી કુલ ૫૪૩ સભ્યો, અત્રે તેમજ બહાર ગામના જૈન બંધુઓ જૈન સંઘો, સંસ્થાઓ, લાઇબ્રેરીઓ, અને જૈન બ્હેનો મળીને છે. ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે. અત્યાર સુધીમાં થયેલા સભ્યો ભેટના ગ્રંથોની એક સારી લાઇબ્રેરી કરી શકયા છે. નવા થતાં સભાસદોના નામો તે વખતે જ માસિકમાં પ્રગટ કરવામાં આવે છે.

---

**શ્રી આત્મારામજી જૈન ફ્રી લાયબ્રેરી**—જેમાં આખર સાલ સુધીમાં નવ વર્ગોમાં તેની સંખ્યા અને કિંમત સાથે નીચે મુજબ આપવામાં આવેલ છે. નવા ગ્રંથો ખરીદી લાઇબ્રેરીમાં દાખલ કરવામાં આવે છે. પેપરો કુલ ૫૦ નીયમિત આવે છે. જૈન જૈનેતર બંધુ ફ્રી લાભ સારી સંખ્યામાં લે છે.

| | | | | |
|---|---|---|---|---|
| વર્ગ ૧ લો | જૈન ધર્મના છાપેલા ગ્રંથો | ૨૭૧૧ | કિં. | રૂા. ૩૭૮૮) |
| વર્ગ ૧ લો અ | ,, પ્રતાકારે | ૭૦૬ | ,, | ૧૧૯૭) |
| વર્ગ ૨ જો | ,, આગમો | ૨૯૭ | ,, | ૧૬૩૬।।≈ |
| વર્ગ ૩ જો | હસ્તલિખિત પ્રતો | ૧૭૩૬ | ,, | રૂા. સુમારે પચાસ હજાર ઉપરાંતની કિંમતનાં |
| વર્ગ ૪ થો | સંસ્કૃત ગ્રંથો | ૪૭૬ | ,, | ૧૫૨૭।।। |
| વર્ગ ૫ મો | નીતિ નોવેલ–વિવિધ સાહિત્યનાં ગ્રંથો | ૩૬૩૫ | ,, | ૫૫૪૪।।≋ |
| વર્ગ ૬ ઠ્ઠો | અંગ્રેજી બુકો | ૨૧૬ | ,, | ૬૧૪।।।≈ |
| વર્ગ ૭ મો | માસિકની ફાઇલો વગેરે | ૭૨૬ | ,, | ૨૨૮૮।।। |
| વર્ગ ૮ મો | હિંદી સાહિત્યના ગ્રંથો | ૩૧૯ | ,, | ૬૬૨) |
| વર્ગ ૯ મો | બાળ વિભાગ ગ્રંથો | ૨૯૮ | ,, | ૧૬૩।।। |
| | કુલ ગ્રંથો | ૧૧૧૨૦ | | રૂા. ૧૭૪૨૩ા≈ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસ્તલિખિત પ્રતોની કિંમત સુમારે રૂપિયા પચાસ હજાર ઉપરાંતની છે, તેની કિંમતનો સમાવેશ ઉપરમાં થતો નથી.

---

**શ્રી આત્માનંદ પ્રકાશઃ**—ચુમાલીશ વર્ષથી પ્રગટ થાય છે. તેની હજાર ઉપરાંત કોપી છપાય છે. લડાઇ દરમ્યાન અને પછી વધતી જતી છાપકામની તમામ પ્રકારની સખ્ત મોંઘવારીને લઇને માસિકનો બાર અંકનો શુમારે ત્રણ રૂપીયા ખર્ચ આવે છે. વાર્ષિક લવાજમ વધારેલ નહિ હોવાથી શુમારે એક અંકના બાર માસના રૂ ૧-૪-૦ નો તોટો પડે છે, છતાં તે મોંઘવારી પહેલાના ૩૮ વર્ષ દરમ્યાન તેટલુંજ લવાજમ માસિકનું હતું, તેમાં સહજ નફો રહેતો તે આવકનો હિસાબ ગણી હાલમાં માસિક ખાતે થતી મોટી ખોટની મુંઝવણનો ઊકેલ તે અને બીજી રીતે કરી, આત્માનંદ પ્રકાશ માસિક માટે ફંડ, ઉઘરાણું કરી સભ્યો કે ગ્રાહકો પાસે મદદ માટે યાચના કરી નથી, કારણ કે ધારવા પ્રમાણે આવી સખ્ત મોંઘવારી પણ બે ત્રણ વર્ષથી વધારે રહેવા સંભવ નથી. તેમ માની તે માટેની ભેટની બુક પણ મુદતસર જુદી જુદી સાહિત્યની આપવાનો ક્રમ ચાલુ જ રાખ્યો છે તેથી જ આત્માનંદ પ્રકાશના ગ્રાહકો નવા નવા વધતાં જાય છે.

---

**જ્ઞાનમંદિર**—ઉદ્દેશ પ્રમાણે **જ્ઞાનમંદિર**ની કરવાની તૈયારી ચાલે છે. હસ્તલિખિત પ્રતો તથા છાપેલી પ્રતો મળી કુલ ૨૦૩૩ ની સંખ્યા સભા પાસે છે. તે માટે જુદું સભાના મકાનની પડખે લેવાયેલ મકાનને તે જ્ઞાનમંદિરનું સંરક્ષણ થાય તે રીતે તૈયાર કરવાનું ચાલુ છે. પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી **કાન્તિવિજયજી** મહારાજશ્રીનો પરમ-મહદ્ ઉપકાર આ સભા ઉપર હતો, જેથી તેઓ સાહેબના સ્મરણાર્થે તે મહાપુરૂષનું નામ જોડવાનો આ સભાએ ઠરાવ કરેલો છે. તે જ્ઞાનમંદિરના સુંદર મકાનના ખર્ચ માટે કોઇ ઉદારદીલ, દાનવીર જૈન બંધુ ઉદારતા બતાવે તો તે જ્ઞાનમંદિરના મકાનને તેમનું આરસની તકતી વડે નામ જોડવાનો સભા વિચાર કરે છે, તેમજ તૈયાર થયે તેની મંગળમય ઊદ્ઘાટન ક્રિયા પણ કોઇ પુણ્યપ્રભાવક, જ્ઞાન, ગુરૂભક્તિના ઉપાસક જૈનબંધુના મુબારક હસ્તે કરાવવા પણ સભા ઇચ્છા ધરાવે છે.

---

**૧ અમારૂં સાહિત્ય પ્રકાશન, પ્રચાર અને તેનું ઉદારતાપૂર્વક ભેટ ખાતું**—અત્યાર સુધીમાં વિવિધ સાહિત્યોના ( પુર્વાચાર્યકૃત ) જેવાકે આગમો, મહાપુરુષોના સુંદર ચરિત્રો, તત્વજ્ઞાન, ગણીત, નાટકો, ઐતિહાસિક, કાવ્યો, સંસ્મરણો વગેરેના મૂળ અને કેટલાકના અનુવાદ ગ્રંથો મળી કુલ ગ્રંથો બસેંહની સંખ્યામાં પ્રગટ થયા છે જેનું લીસ્ટ પાછળ આપવામાં આવ્યું છે તે સભાની માલેકીના શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા, શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા, શ્રી આત્માનંદ શતાબ્દિ જૈન સીરીઝ, પ્રવર્તકજી શ્રી કાન્તિવિજય ઐતિહાસિક ગ્રંથમાળા, અને જુદા જુદા જૈન બંધુઓની ગુજરાતી ( સીરીઝ ) જેમાં કેટલાક ગ્રંથમાળાના ( ખાતા ) વહીવટ કરવાના પણ ઉપર બતાવેલ સાથે છે.

આ સર્વ પ્રકાશનો માટે વિદ્વાન મુનિરાજો, જૈન અને જૈનેતર સાક્ષરો, સાહિત્યકારો, પરદેશી દર્શનશાસ્ત્રીઓએ ઉચ્ચ સાહિત્યના માટે મુલાકાત લઇ તપાસી આનંદ વ્યકત કર્યો છે અને કરે છે. વળી પરમ ઉપકારી મુનિમહારાજો તથા જૈન જૈનેતર વિદ્વાનોને ઉદારતાપૂર્વક ગયા વર્ષ સુધીમાં રૂા. ૨૫૭૫૭) ના મૂળ તથા અનુવાદોના ગ્રંથો ( વગર મૂલ્યે ) ભેટ આપ્યા છે. જે આવું ઉચ્ચ કોટીનું સુંદર સાહિત્ય પ્રકાશન અને આટલી મ્હોટી રકમની ભેટ જે ઉદારતાપૂર્વક આ સભા કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલ તેવી કોઈ સંસ્થા કરી શકેલ નથી તે માટે સભા ગૌરવ લે છે અને તેથીસભાની પ્રતિષ્ઠામાં ઔર વધારો થયેલો છે. અને તે સુંદર પ્રકાશનો માટે જૈન જૈનેતર વિદ્વાનોના સુંદર અભિપ્રાયો મળેલા છે.

પ્રથમથી અત્યાર સુધીમાં થયેલ પેટ્રન અને લાઇફ મેમ્બરોનો ધારા પ્રમાણે આપેલા ભેટના ગ્રંથોની કિંમત પણ હજારો રૂપીયાની થાય છે તે રકમ ઉપરની ભેટની રકમથી જુદી છે.

આ વર્ષમાં શ્રી મહાવીરસ્વામીના યુગની મહાદેવીઓ સચિત્ર રૂા. ૩–૮–૦ તથા સંઘપતિ ચરિત્ર રૂા. ૬–૦–૦ શુમારે ૯–૮–૦ ની કિંમતના એ બે ગ્રંથો એકાદ મહિના પછી અને શ્રી વસુદેવ હિંદી ગુજરાતી ભાષાંતર તૈયાર થયેથી તે પણ તેઓ સાહેબને ભેટ અપાશે.

**છપાતાં અનુવાદો શ્રીપાર્શ્વનાથ ચરિત્ર, શ્રીશાંતિનાથ ચરિત્ર** ( સચિત્ર ) અને **કથારત્નકોષ** જે દરેકની કિંમત સુમારે રૂા. ૫) કે વધારે ( સખ્ત મોંઘવારીને લઇને ઓછી નહિં તે ) સર્વ ગ્રંથો તૈયાર થયે અમારા સભાસદોને ધારા પ્રમાણે ભેટ અપાશે માટે કોઇ પણ જૈન બંધુઓએ આ સભામાં પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ વેળાસર લાભ લેવા જેવું છે.

**શ્રી નેમનાથ ચરિત્ર, શ્રી સુમતિનાથ ચરિત્ર** અનુવાદ તૈયાર કરી આર્થિક સહાય માટે છપાવવા વિચાર સભા ધરાવે છે. અમારા સાહિત્ય પ્રકાશન માટે કોઇ પણ બંધુ બ્હેન ધારા પ્રમાણે એક સારી રકમ આપેથી તેમના નામથી ગ્રંથમાળા પ્રગટ કરવામાં આવે છે ને જ્ઞાનભકિત થવા સાથે નામ અમર રહી જાય તેવું છે. જ્ઞાન-સાહિત્ય ઉદ્ધાર માટેના અમારા પ્રકાશનમાં સુકૃતની મળેલ લક્ષ્મીનો આ રીતે જ્ઞાનભક્તિ કેટલાક શ્રીમંત બંધુઓએ લાભ લીધો છે જેના નામો પાછલ આપવામાં આવ્યા છે. આ લાભ અન્ય શ્રીમંત જૈન બંધુઓ અને બ્હેનોએ ખાસ લેવા જેવું છે.

મૂળ સંસ્કૃત ગ્રંથોમાં **શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર** છપાય છે અને અન્ય ગ્રંથોનું સંશોધન કાર્ય ચાલે છે **શ્રી બૃહતકલ્પ છઠ્ઠો ભાગ** ( મૂળ ) હવે પછી પ્રગટ થશે.

પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજ તથા સાહિત્યરસિક સદ્ગત મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજશ્રીનો તે માટે સભા ઉપકાર અનહદ ઉપકાર હતો, અને હાલમાં વિદ્યમાન સાક્ષરવર્ય, સાહિત્યરસિક **મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ** પણ આ સભા ઉપરની પૂર્ણ કૃપાને લઇને પ્રાચીન સાહિત્યના નવા નવા ગ્રંથોની યોજના તથા સંશોધન કાર્ય અતિ પરિશ્રમપૂર્વક કરી જૈન સમાજ અને આ સભા ઉપર ખાસ ઉપકાર કરી રહ્યા છે, જેથી તેઓ સાહેબનો આ સભા અંતઃકરણપૂર્વક આભાર માને છે. અને તેઓ કૃપાળુશ્રીની આવી કૃપાવડેજ આવા સુંદર પ્રકાશનોનો આ સભા પ્રચાર કરી રહેલ છે.

આચાર્ય મહારાજશ્રી **વિજયવલ્લભસૂ**રીશ્વરજી મહારાજની પણ આ સભા ઉપર કૃપા છે.

---

**મળેલા ફંડો**—શ્રી મૂળચંદભાઈ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડ, અને આ સભાએ સભાસદો વગેરે વડે કરેલું પ્રાતઃસ્મરણીય શ્રી કાન્તિવિજયજી મહારાજના **સ્મારક કેળવણી ફંડ** ( જેમાં હજી કેટલાક સભ્યોની રકમ ભરાવવાની છે ) તેમાંથી બંને પ્રકારની કેળવણીના ઉત્તેજન અર્થે તેના વ્યાજમાંથી સ્કોલરશીપો, બુકો, જૈન વિદ્યાર્થીઓનો રૂા ૧૫૦) શ્રી વૃદ્ધિચંદજી સામાયક શાળાને રૂા. ૨૦) અને ઉજમબાઇ જૈન કન્યાશાળા જે તેનો વહીવટ કરવા સાથે રૂા. ૧૨૫) મળી રૂા. ત્રણસો ઉત્તેજન અર્થે અપાય છે. ખોડીદાસ નિરાશ્રિત ફંડનો ઠરાવ મુજબ જૈન ભાઇઓને રાહત અપાય છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહોત્સવો**—સભાની વર્ષગાંઠ જેઠ શુદ ૭ ના રોજ દેવભક્તિ-પૂજા આંગી વગેરેથી કરવામાં આવે છે. શેઠ હઠીસીંગભાઇ ઝવેરચંદના તરફથી સભાને તેઓશ્રીએ પોતાની હૈયાતીમાં એક રકમ આપેલી છે તેના વ્યાજમાંથી, તેમજ વધારાના રૂા. ૧૫૦૦) આપવા કહેલ તે રકમનું વ્યાજ રૂા. ૬૦) તેઓશ્રીના ધર્મપત્ની શ્રીમતી હેમકુંવર બ્હેન તરફથી આવતું હોવાથી તેનાથી પ્રીતિભોજન પણ સાથે દરવર્ષે કરવામાં આવે છે. કારતક શુદ પાંચમના રોજ જ્ઞાન પધરાવી પૂજન કરી ભક્તિ કરવામાં આવે છે.

---

**આનંદ મેળાપ**—દર બેસતે વર્ષે આ સભાના પ્રમુખ શેઠ શ્રી ગુલાબચંદ આણંદજીએ આપેલી રકમના વ્યાજમાંથી સભાસદોને દુધપાર્ટી અપાય છે અને મેમ્બરો તરફથી પ્રથમ જ્ઞાનપૂજન પણ થાય છે.

---

**દેવભક્તિ અને ગુરૂજયંતિઓ**—પ્રાતઃસ્મરણીય શ્રી **આત્મારામજી મહારાજ**ની જન્મ તિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી શ્રી ગુરૂદેવની જયંતિ દર વર્ષે સભાસદો **શ્રી પવિત્ર શત્રુંજય તીર્થે** જઇ વિવિધ પૂજા તથા શ્રી આદિનાથ પ્રભુ શ્રી પુંડરીકજી તથા ગુરૂશ્રીની આંગી રચવા સાથે સભાસદોનું સ્વામીવાત્સલ્ય દર વર્ષે ત્યાં કરવામાં આવે છે. સભા માટે આ એક અપૂર્વ ભક્તિદિન છે અને સર્વ સભાસદોને યાત્રાનો લાભ મળે જાય છે. આ ગુરૂભક્તિના ઉત્તમ કાર્ય માટે ગુરૂભકત ઉદારદીલ શેઠ સકરચંદભાઈ મોતીલાલ મૂળજીએ એક રકમ સભાને સુપ્રત કરી છે, જેના વ્યાજમાંથી ખર્ચ થાય છે.

દર વર્ષે માગશર વદિ ૬ ના રોજ પ્રાતઃસ્મરણીય **મૂળચંદજી મહારાજ**ની શ્રીતાલધ્વજગિરિ **તીર્થે** ઉજવવાનો ઠરાવ થયેલો છે તેથી દરવર્ષે હવેથી ત્યાં આસો શુદિ ૧૦ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાંતમૂર્તિ પરમકૃપાળુ **શ્રી વિજયકમળસૂરીશ્વરજી** મહારાજની જયંતિઓ માટે થયેલા ફંડોના વ્યાજમાંથી ઉપરોકત રીતે દેવગુરૂભકિત વગેરેથી અત્રે જયતિ ઉજવાય છે. આ સભાનું ધન્ય ભાગ્ય છે કે ગુરૂભકિતના આવા પ્રસંગો સાંપડ્યા છે,

---

ઉપરોકત કાર્યવાહી જોઇ જાણી સભાના કોઈપણ કાર્યમાં-જ્ઞાનોદ્ધાર-સાહિત્ય પ્રકાશન, પ્રચાર, ગુરૂભકિત-કેળવણી ઉત્તેજન તેવા સઘળા કાર્યોમાં આર્થિક સહાય આપનાર તેમજ આ સભાના સભ્યો અને હવે પછી થનારા પેટ્રન સાહેબો તથા સભાસદબંધુઓ પણ આવા આત્મકલ્યાણ સાધવામાં ઉત્તમ કાર્યોના ભાગીદાર બને છે. આ ઉપરથી આ સભા વ્યાપારી રીતને બદલે ઉદારતાપૂર્વક સભાની સર્વ કાર્યવાહી જ્ઞાનભકિત વગેરે કરે છે તે સહજ સમજી શકાય તેવું છે.

---

# "મીટિંગોનો અહેવાલ."

## ( સં. ૨૦૦૨ )

**મેનેજીંગ કમિટી** (૧) ૨૦૦૨ ના કારતક શુદ ૧૩ શનીવાર તા. ૧૭-૧૧-૪૫.

(૧) ૨૦૦૧ સરવૈયુ પસાર અને બજેટ મંજુર તથા પસાર કરવામાં આવ્યું (૨) જ્યુબીલી કમીટીનો રીપોર્ટ મંજુર કર્યો અને કામ આગળ વધારવા સોંપવામાં આવ્યું. (૩) જયન્તીના ખાતાઓનું વ્યાજ ટકા ૩ લેખે હવેથી આપવું. (૪) જૂના ઠરાવ મુજબ જેને તેવા ખાતાનું વ્યાજ અપાય છે તે કાયમ રાખવું (૫) જે સંસ્થાએ પ્રકાશન બંધ કર્યું હોય તેને આપણે હવેથી પ્રસિદ્ધ થતાં પુસ્તકો ભેટ ન આપવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોકરના પગારનો પ્રશ્ન આવતી મીટીંગ ઉપર મુલતવી રાખવામાં આવ્યો.

(૨) ૨૦૦૨ના પોસ વદ ૯ તા. ૨૭-૨-૧૯૪૬ રવિવાર.

(૧) બેન્કોના ખાતા પ્રમુખ સેક્રેટરી ટ્રેઝરરના નામથી ખોલવા. (૨) વાર્ષિક મેમ્બરની નવી અરજી પસાર કરવામાં આવી. (૩) નગીનદાસ હરજીવનદાસ લાઇબ્રેરીયન હતા તેનું રાજીનામું આવવાથી મંજુર કર્યું. (૪) સવાઇલાલ અમૃતલાલને લાયબ્રેરીયન નીમવામાં આવ્યા. (૫) ટ્રસ્ટડીડ માટે મીટીંગ હવે પછી બોલાવવી. (૬) જ્યુબીલી કમીટીમાં વિઠ્ઠલદાસ મૂળચંદ શાહને ઉમેર્યા.

(૩) સં. ૨૦૦૨ પોસ વદ ૩૦ તા. ૨-૨-૪૬ દીને મેનેજીંગ કમીટી મુલતવી રહી.

(૪) સં. ૨૦૦૨ ના ચૈત્ર વદ ૪ તા. ૨૦-૪-૪૬ શનિવાર નોકર કમી થતાં મી. જેચંદભાઇ ધ્રુવને રાખવામાં આવ્યા.

(૫) સં. ૨૦૦૨ ના ભાદરવા વદ ૯ મંગળ તા. ૧૯-૯-૪૬ ગુરૂવાર માસ્તર મોતીચંદ ઝવેરચંદના સ્વર્ગવાસની નોંધ લેવા ઠરાવ્યું.

**જનરલ મીટીંગો** (૧) સં. ૨૦૦૨ ના કારતક વદી ૧૦ ગુરૂવાર તા. ૨૦-૧૧-૪૫

(૧) પ્રાતઃસ્મરણીય શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદી ૬ ની જયંતી આવતા વર્ષથી દરવર્ષે તાલધ્વજ ગિરિએ ઉજવવી.

(૨) ૨૦૦૧ નું સરવૈયું પસાર કર્યું અને આવતા વર્ષનું બજેટ મંજુર કરવામાં આવ્યું

(૩) રિપોર્ટ છપાવવાની સેક્રેટરીઓને મંજુરી આપવામાં આવી.

(૨) સં. ૨૦૦૨ ના શ્રાવણ શુદ ૧૩ તા. ૧૦-૮-૪૬ શનીવાર.

(૧) ઉપ. પ્રમુખના ખાલી પડેલી જગ્યાએ નવા શેઠ ફતેહચંદ ઝવેરચંદ તથા શાહ ખીમચંદ ચાંપશીભાઇ શાહ એમ. એ. પ્રોફેસર શામળદાસ કોલેજને ઉપપ્રમુખ નિમવામાં આવ્યા.

(૨) સેક્રેટરી ડો. જસવંતરાય મૂળચંદ શાહનું રાજીનામું મંજુર કરવામાં આવ્યું અને તે જગ્યાએ શેઠ જાદવજી ઝવેરભાઇને સેક્રેટરી નીમવામાં આવ્યા.

(૩) સવાઇલાલ અમૃતલાલ લાઇબ્રેરીયનને મેનેજીંગ કમીટીમાં લેવામાં આવ્યા.

---

**આભાર**—આ વર્ષમાં સભાના ચાલતા કોઇપણ કાર્યમાં આર્થિક તેમજ શ્રી આત્માનંદ પ્રકાશ માસિકને માટે લેખો વગેરેથી સહાય આપનાર મુનિ મહારાજાઓ તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે અને કૃપા કરી તેવોજ સહકાર ચાલુ રાખવા નમ્ર વિનંતિ કરીયે છીયે, આ સભાના અનેક ઊત્તમ ભાવિ મનોરથો ગુરૂકૃપાથી શ્રી અધિષ્ઠાયક દેવો સફળ બનાવે તેવી પરમાત્માની પ્રાર્થના કરી આ રિપોર્ટ પૂર્ણ કરીયે છીયે.

---

છેવટે પરમકૃપાળુ પરમાત્મા અને ગુરૂદેવની પ્રાર્થના કરીએ છીએ કે, દિવસાનુદિવસ દેવ, ગુરુ, ધર્મ, જ્ઞાન વગેરેની સેવા વિશેષ વિશેષ થતી જાય અને આ સભાના સર્વ સભ્યો તે રીતે આત્મકલ્યાણ સાધે અને શાંતિ, આબાદિ દીર્ઘાયુ થઇ ભોગવે, તેમ પરમાત્માની પ્રાર્થના કરી આ રિપોર્ટ પૂર્ણ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંવત ૨૦૦૧ ના આસો વદિ ૦)) સુધીનું સરવૈયું.

જ

| | |
|---|---|
| ૧૫૭૮૯ાાા૦ાા | જ્ઞાન ખાતે દેવા છપાતી બુકો તથા છપાવવાને આવેલી મદદના |
| ૨૬૯૫૨) | ગુજરાતી સીરીઝની મદદના આવ્યા તે |
| ૨૯૭૦ા=ાા | છાપખાના વિગેરેના દેવા |
| ૫૭૬૪૦) | પેટ્રન તથા લાઇફ મેમ્બરોના ફી તથા સભા નીભાવ ફંડ વિગેરે સાધારણ ખાતાના |
| ૧૯૩૪ાાાા | જયન્તી, સ્કોલરશીપ વગેરે વ્યાજુ ખાતાના દેવા |
| ૭૦૧૫ાા૦ા | શરાફી દેવું તથા ઉબળેક દેવું તથા લાઇબ્રેરીના ડીપોઝીટ ખાતે ખાતે વિગેરેના દેવા |
| ૧૨૯૭૦૯ાા=ાા | |

ઉ

| | |
|---|---|
| ૩૦૫૦૩ાાા‿ | જ્ઞાન ખાતે વેચાણના તથા સીરીઝના પુસ્તકો તથા અન્ય પુસ્તકો છપાય છે તે ખાતે તથા લાઇબ્રેરીના પુસ્તકો તથા ડેડસ્ટોક વગેરે બાબતોના ખાતાના |
| ૭૯૬૧)‿ | છાપખાના તથા બુકસેલરો વગેરે ખાતા |
| ૩૧૯૫૪ાા= | આત્માનંદ ભવન (મકાન) તથા બીજું ઉતરાદું મકાન જે પ્રવર્તકશ્રી કાન્તિવિજયજી મહારાજના નામનું જ્ઞાનમંદિર બનાવવાનું છે તે બે મકાન ખાતે લેણા. |
| ૫૮૦૨૫ાાા૦ા | શરાફી તથા બેન્કો વિગેરેમાં લેણા છે તે બોન્ડ વિગેરે. |
| ૯૪૯)=ાાા | મેમ્બરો પાસે ઉઘરાણી. |
| ૨૧૫) | પરાંત ૨૦૦૨ આસો વદ ૩૦ |
| ૧૨૯૭૦૯ાા=ાા | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# परिशिष्ट क.

## તમારું નામ અમર કરવું હોય તો નીચેનું નિવેદન વાંચી નિર્ણય કરો.

## સિરીઝ–ગ્રંથમાળાના નિયમો.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે, જેથી મનુષ્ય જ્ઞાન અને જ્ઞાન દાનવડે પોતાના આત્મકલ્યાણનો માર્ગ સાધી શકે છે. જેથી તમારે આ જીવનમાં તમારું નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્યસેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય, તો તે આત્મકલ્યાણ માટે નીચેની યોજના વાંચી–વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી અમૂલ્ય લાભ મેળવો.

### યોજના—

૧. જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂ. ૨૦૦૦) હજાર અથવા જે ગ્રંથ તેમના તરફથી છપાય તેના ખર્ચના પૂરતાં નાણા આ સભાને આપે તેના નામથી ગ્રંથમાળા (સિરિઝના ગ્રંથો) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨. સિરિઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે જે બંધુએ જેટલા રૂપિયા આપ્યા હોય તે પ્રમાણેની રકમનો પ્રથમ ગ્રંથ માટે ખર્ચ કરવો.

૩. જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ-સાધ્વી મહારાજ વગેરેને ધારા પ્રમાણે અમુક સંખ્યામાં ગ્રંથો સિરિઝના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે 'સિરિઝવાળાની વતી સભા મારફત ભેટ' મોકલવામાં આવશે.

૪. સિરિઝની છપાતી દરેક બુકની પચ્ચીશ કોપી જે ગૃહસ્થના તરફથી તે ગ્રંથમાળા છપાશે તેમને ભેટ આપવામાં આવશે.

૫. તે સિરીઝનાં ગ્રંથમાં ઓછામાં ઓછા અડધા ગ્રંથ ખપી ગયા હોય તેની ઉપજેલી કિંમતથી જ બીજો ગ્રંથ છપાવી શકાશે, પરંતુ કોઈ સંયોગમાં ગ્રંથમાળાના તે તે ધણીના છપાતાં ગ્રંથોમાં અસાધારણ પ્રસંગે તેમની આવેલી ધારા પ્રમાણેની રકમ કરતાં ગ્રંથ સુંદર બનાવતાં વધારે પૈસા સભાને ખરચવા પડ્યા હોય, તેવા કોઇ પ્રસંગે, પ્રથમ સભાએ ખરચેલા વધારેના નાણા વેચાણમાંથી પ્રથમ વસુલ કરી, ધારા પ્રમાણે પછીના ગ્રંથો છપાશે. તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ (સિરિઝનો) સભા છપાવવો શરૂ કરશે.

૬. ગ્રંથમાળાના પ્રથમના એક જ ગ્રંથમાં સિરિઝવાળા ગૃહસ્થનું જીવનચરિત્ર, અને ફોટોગ્રાફ તેમની ઇચ્છાનુસાર આપવામાં આવશે.

ઉપરની યોજનાનુસાર અનેક જુદા જુદા ગૃહસ્થો અને બ્હેનોએ આર્થિક સહાય આપી પોતાની અને પોતાના વડીલોના નામથી સિરિઝનાં પુસ્તકો સભા તરફથી પ્રગટ કરાવેલ છે, તેના નામોનું લીસ્ટ પાછળ પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે. ને અમારા માનવંતા સભ્યો તે માટે સંતોષ જાહેર કર્યો છે; જેથી આપ પણ આ યોજનાનો લાભ લેશો એવી આશા રાખીએ છીએ. અમારા તરફથી છપાતા ગ્રંથમાળાના સુંદર ગ્રંથો જૈન સમાજમાં પ્રતિષ્ઠા પામેલ છે. ગ્રંથમાળાના ધારાધોરણમાં ફેરફાર કરવાનો સભાને હક રહેશે.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# परिशिष्ट ख.

## જે જે સીરીઝના ગ્રંથોમાં જે જે બંધુઓએ સહાય આપેલી છે તેઓશ્રીના તરફથી જે જે ગ્રંથો પ્રસિદ્ધ થયા છે તેનું લીસ્ટ.

| | |
|---|---|
| ૧ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ ... ... ... | ...શ્રાદ્ધગુણવિવરણ<br>શ્રી નેમનાથ ચરિત્ર |
| ૨ શેઠ આણંદજી પુરૂષોત્તમ ... ... ... | ...૧ તપાવલી<br>૨ શ્રી શત્રુંજય સ્તવનાવલીની<br>,, (આવૃત્તિ બે) |
| ૩ વકીલ હરીચંદ નથુભાઇ... ... ... ... | ...દાનપ્રદીપ ગ્રંથ. |
| ૪ શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ ... ... ... | ...કુમારપાળ પ્રતિબોધ |
| ૫ શ્રી સુખસાગરજી મહારાજ તથા આચાર્ય બુદ્ધિસાગરજીની | ...સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો<br>,, ભાગ ૨ જો<br>( કાવ્ય સુધાકર ) |
| ૬ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ ... ... ... | ...શ્રી નવ પદ પૂજા ( સાર્થ )<br>આત્મવિશુદ્ધિ<br>વીશસ્થાનક પૂજા ( સાર્થ ) |
| ૭ શેઠ મગનલાલ ઓધવજી ... ... ... | ...ધર્મબિન્દુ |
| ૮ શેઠ દીપચંદ ગાંડાભાઇ... ... ... ... | ...૧ નરરત્ન ભામાશાહ<br>૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર |
| ૯ શેઠ અમરચંદ હરજીવન તથા કસ્તુરબ્હેન ... ... | ...શ્રી વિમળનાથ ચરિત્ર<br>સતી સુરસુંદરી ચરિત્ર |
| ૧૦ સલોત ફુલચંદ ત્રીકમજી ... ... ... | ...પંચ પ્રતિક્રમણસૂત્ર ( સાર્થ ) |
| ૧૧ વારૈયા ધરમશી હરજીભાઇ ... ... ... | ...શ્રીપાળ રાસ |
| ૧૨ શેઠ માણેકચંદ જેચંદભાઇ ( જાપાન ) ... ... | ...શ્રી મહાવીર ચરિત્ર |
| ૧૩ શેઠ માણેકલાલ ચુનીલાલ તથા કમળાબેન... ... | ...શ્રી વાસુપૂજ્ય ચરિત્ર |
| ૧૪ રાવસાહેબ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ તથા શકુન્તલા બેન | ...શ્રી આદિનાથ ચરિત્ર |
| ૧૫ રાવબહાદૂર જીવતલાલ પ્રતાપસી ... ... | ...સંઘપતિ ચરિત્ર ( છપાય છે ) |
| ૧૬ શેઠ ત્રિભોવનદાસ મંગળજીભાઇ હ. ચંદુલાલભાઇ ... | ...શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ( છપાય છે. ) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાલ પણ આત્માનંદ પ્રકાશનાં લવાજમ ( પ્રથમની જેટલુંજ રાખતાં ) રૂા ૧-૧૨-૦ ના હિસાબે બાર અંકના સવા રૂપીઓ હાલ ખોટ આવે છે-તોટો પડે છે જેથી તે ખોટ અમુક અંશે હાલ મુંઝવી રહેલ છે; છતાં સાત વર્ષ પહેલાનાં આત્માનંદ પ્રકાશ માસિકનો ઉપર જણાવ્યા પ્રમાણે અમુક અંશે નફો રહેતો હતો અને હવે અત્યારે આ મોટી ખોટનો સવાલ છે. આવી સખ્ત મોંઘવારી ઉત્તરોત્તર દર વર્ષ વધતી આવે છે. અને લડાઇની હવે મોંઘવારીનો આ પ્રસંગ માત્ર અસાધારણ અને ધારવા પ્રમાણે અમુક વર્ષ, બે ત્રણ વર્ષ રહે તેવો સંભવ લાગે છે અને બે ત્રણ વર્ષ પછી અસલ સ્થિતિ સોંઘવારીની આવી જશે એમ જાણી **આત્માનંદ પ્રકાશનું લવાજમ** ચાલતી મોંઘવારી છતાં જેમ વધાર્યું નથી, તેમ ફંડ કે ઉઘરાણું પણ અમારા સભાસદો અને ગ્રાહકો પાસે આત્માનંદ પ્રકાશ માટે તે આવતી ખોટ માટે વિજ્ઞપ્તિ આપની પાસે કરી નથી. વળી હકીકત એવી છે કે **આત્માનંદ પ્રકાશ**માં મોટી ખોટ ચાલી આવતી હોવા છતાં ( જે સંસ્થાને ઘરનું મકાન હોય, ભાડું પણ મકાનનું સારૂં આવતું હોય, પુસ્તકોનું વેચાણ થતું હોય, દર મહિને કે વર્ષે આખરે અનેક નવા સભાસદો અને પેટ્રન નવા વધતાં તેનું લવાજમ તમામ આવતું હોય, તેથી તે વધતી નવી આવક હોવાથી તેવી સંસ્થાએ સભાના આવા કોઇ અંગને ( માસિક કે બીજા કોઇ ખાતાની ખોટ આવતી હોય તો ) આવા અસાધારણ પ્રસંગે અમુક ગણ્યાગાંઠ્યા વર્ષોમાં કદાચ ખોટ આવે, તોટો પડે તો ચાલતી માસિકની મુંઝવણનો ઉકેલ ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે નવી બીજી થતી આવકોથી તેવી ખોટને ગૌણ કરવી જોઈએ અને તેવી મુઝવણનો તે આવકમાં સમાવેશ કરી લેવો જોઈએ. ઉઘરાણું, ફંડ ન કરવું જોઇએ. તેવી બીજી સંસ્થાઓની જેમ આવી કેટલીક લગભગ સ્થિતિ આ સભાની હોવાથી પણ અન્ય માસિકોની જેમ લવાજમ વધાર્યું નથી તેમ જતી ખોટ માટે અમારા સભાસદો કે આત્મપ્રકાશના ગ્રાહકો પાસે ફંડનું ઉઘરાણું ન જ કરવું, તેમ ધારી સભાએ તે મુંઝવણની ઉકેલના તેમાં થતી નવી આવકમાં સમાવી માસિકદ્વારા અપાતું વાંચન અને ભેટની બુક સભ્યો અને તેના ગ્રાહકોને સતત રીતે કાંઇ પણ ફંડ ઉઘરાણું નહિં કરતાં સભા આપી રહેલ છે.

૨. વળી આ સભા પ્રાચીન પૂર્વાચાર્યોરચિત સુંદર પ્રાકૃત, સંસ્કૃત ( મૂળ ) અને તેવા ગ્રંથોના અનુવાદો આર્ટની દષ્ટિએ તેનું સુંદર પ્રકાશન પ્રચાર ઉદારતાથી કરી સભાસદો વગેરેને ધારા પ્રમાણે ભેટ આપી રહેલ છે. આજ સુધીમાં પચાશ વર્ષોમાં હાલ ચાલતી સખ્ત મોંઘવારી છતાં સાધુમુનિરાજો, જ્ઞાનભંડારો, અને જૈન જૈનેતર સાક્ષરો લાયબ્રેરીયો વગેરેને રૂા. ૨૫૭૫૭) ના ગ્રંથો હાલ સુધીમાં ભેટ આપેલા છે. હાલમાં એક માસ પછી તેમજ મ્હોટા બે ગ્રંથો ભેટ આપવાના છીયે અને આ સભાનાં અમારા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને હજારોની સંખ્યામાં ભેટ આપેલાં છે ને અપાશે તે ગ્રંથોની કિંમતનો તેમાં સમાવેશ થતો નથી તે રકમ જુદી છે. આ પ્રણાલિકા હજી ચાલુ હોવા છતાં લડાઇના આ સાત વર્ષના સખ્ત મોંઘવારીના પ્રસંગે છપાતાં સાહિત્ય ગ્રંથોમાં સભાને વિશેષ ઉમેરવી પડતી રકમોનો સરવાળો બહુ મ્હોટો હોવાથી તે પ્રશ્ન પણ મુંઝવી રહેલ છે. દાખલા તરીકે એક ગ્રંથ છપાતાં બે ત્રણ વર્ષ થાય તેથી લડાઇ પહેલાં સીરીઝ માટે લીધેલાં એક હજાર રૂપીયાનાં મોંઘવારીનાં કારણે ત્રણ હજાર રૂપીઆ, બે હજારનાં પાંચ કે છ હજાર રૂપીઆ, ત્રણ હજાર લીધેલા હોય ( ગ્રંથ મોટા હોય ) તો આઠ કે નવ હજાર રૂપીઆનો ખર્ચ થાય છે, છતાં સીરીઝની જે જે બંધુઓએ રકમ આપેલ છે, તેમને પણ વધારે મ્હોટી રકમનો ખર્ચ થતાં હોવા છતાં, તે માટે સીરીઝના ગ્રંથો-વાળા બંધુઓ પાસેથી ખર્ચની વધારે રકમની પણ માગણી કરી નથી અને સભાસદોના ભેટના ધારામાં પણ ફેરફાર કર્યો નથી. લાઇફ મેમ્બરોને જે ધોરણે ભેટ અપાય તે પ્રમાણે અપાય છે કારણ કે સભા ધારા પ્રમાણે તેમની સીરીઝ પ્રકટ કરે છે અને ધારા મુજબ ભેટ આપ્યે જાય છે.

ટા. પા. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હકીકત એ છે કે રૂા. ૧૦૧) પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરનું વ્યાજ રૂા. ૨) વાર્ષિક આવે છે, તેઓને ગમે તે મ્હોટી ભારે કિંમતનો ગ્રંથ ભેટ અપાય છે. બીજા વર્ગના લાઇફ મેમ્બરનાં રૂા. ૫૧) નું વ્યાજ એક રૂપીઓ આવે અને તેઓશ્રીને મૂળ કિંમતમાંથી બે રૂપીયા કાપીને, કોઈ પણ મ્હોટી કિંમતનો ગ્રંથ ભેટ અપાય છે. અને આત્માનંદ પ્રકાશ માસિક પણ સર્વને ભેટ અપાય છે. એટલે વ્યાજની ગણત્રીએ માસિકમાં પણ ગ્રંથોની જેમ ઉમેરવું પડે છે, છતાં વળી આત્માનંદ પ્રકાશનાં ગ્રાહકોને ધારા પ્રમાણે નવો ગ્રંથ (એક વખત આપ્યો હોય તે નહિં) ભેટ આપતાં બીજે આપતાં છપાવતાં તેનો ખર્ચ અહિં જણાવવામાં આવતો નથી તે પણ ઉપરાંતનો ખર્ચ થાય છે.

આ એક પ્રકારની ઉદારતા અને પ્રભાવના છે, તેમ માની સભા આત્મિક આનંદ અનુભવે છે, કારણ ચાલતા થોડા વર્ષો કસોટીના છે, એમ જાણી ભેટ માટે જે ઉદારતા રાખી હતી, વધારે થતો હોવાથી ખર્ચથી તેનો પ્રમાણિકપણે થોડો સંકોચ કરવો પડ્યો છે અને વર્ષ પછી સોંઘવારી થતાં મોટી રકમ ઉમેરવી પડે છે કે તે સ્થિતિ દૂર થતાં પ્રચાર અને ઉદાર ભાવના હતી તેવી જ રહેશે. સભાને મોટી રકમ સીરીઝમાં ઉમેરવી પડતી હોવાથી માત્ર તેની મોંઘવારીનાં જ હિસાબે કિંમત વધારવી પડેલ છે. તેમ વહીવટને અંગે જરૂર પણ હોય છે.

આ સભાનો હિસાબ, નામું ચોપડા હંમેશાં તૈયાર હોય છે. વર્ષ પૂરૂં થતાં દર વર્ષે સરવૈયા નીકળી હિસાબ તૈયાર થતાં, સભા પાસે પસાર, કરાવી દર વર્ષેજ સમાજની જાણ માટે રિપોર્ટ પણ પ્રગટ થાય છે. સભાનું તમામ નાણું જામીનગિરિમાં રહે છે. આવી હકીકત હોવાથી આ સભાની પ્રગતિ વિશેષ વિશેષ થતી રહી છે. કાર્યવાહકો પોતાની ફરજ, જવાબદારી સમજી પ્રમાણિકપણે કાર્યવાહી ચલાવે છે. પ્રેમ, સંગઠન, મિત્રભાવ ચાલુ છે. જે કોઈપણ સંસ્થાનાં કાર્યવાહકો થઈ આત્મકલ્યાણ સાધવું હોય તેમણે તેના ઉદ્દેશોનો અનુભવ લઇ સેવા આપનાર સભ્ય કર્તવ્યજ અને જવાબદારી બરોબર સંભાળી શકે છે. અને તે સંસ્થાની પ્રગતિ પણ કરી શકે છે. (તેનો આત્મા બને તો જ થાય) બાકીનો ઉદ્દેશોનો અનુભવ, સેવા ભાવના, ફરજનું ભાન અને જવાબદારી મોટી સંસ્થાની સંભળાવી તેને આ જમાનામાં ઘણું કઠીન કાર્ય હોવાં છતાં તેની સાચી સેવા બજાવનાર આત્મકલ્યાણ સાધી જાય છે.

---

## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શેઠ શ્રી લક્ષ્મીચંદ દુર્લભદાસ | પેટ્રન | મુંબઈ |
| ૨ શાહ દુર્લભદાસ જગજીવનદાસ | (૧) લાઇફ મેમ્બર | ભાવનગર |
| ૩ શેઠ મનુભાઇ લલ્લુભાઇ ઘડીયાળી | (૧) લાઈફ મેમ્બર | અમદાવાદ |
| ૪ શાહ પાનાચંદ લલ્લુભાઈ | (૧) લાઈફ મેમ્બર | ભાવનગર |
| ૫ શાહ પ્રેમચંદ રાયચંદ સુરકાવાળા | (૧) લાઇફ મેમ્બર | ભાવનગર |
| ૬ મ્હેતા જેઠાલાલ મોરારજી | (૨) લાઇફ મેમ્બર | ભાવનગર |
| ૭ શાહ દેવચંદ દુર્લભજી | (૨) લાઇફ મેમ્બર | ,, |

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only